સુવિચાર

જીવન ટૂંકું છે અને જંજાળ લાંબી છે, જંજાળ ટૂંકી હશે તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




શહેરમાં વધુ એકવાર લુખ્ખાઓનો આતંકઃ ગોંડલ રોડ પર નજીવી બાબતે યુવક પર પાઈપ અને છરી વડે હુમલો P-4


Year-16, Issue-124 ■ DATE : 03-09-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# રાહતની થશે વર્ષાઃ ૨૫૦થી વધુ વસ્તુઓ પર ટેક્સ ઘટવાની સંભાવના

## જીએસટી કાઉન્સીલની બેઠક શરૂ: ઘી-માખણ, ટૂથપેસ્ટ, શેમ્પુ, મિલ્ક પાઉડર અને કાર સહિતની અનેક વસ્તુઓ પર જીએસટી ઘટી શકે છેઃ ટીવી, વોશીંગ મશીન, રેફ્રીજરેટર ૨૮ ટકામાંથી ૧૮ ટકાના સ્લેબમાં આવશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જીએસટી પરિષદની આજથી શરૂ થનારી બે દિવસીય બેઠકમાં ચારના બદલે બે સ્લેબના પ્રસ્તાવને મંજુરી મળી શકે છે. આ સાથે ખાવા પીવા અને દૈનિક જીવનની ૨૫૦ થી વધુ વસ્તુઓને ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકાના સ્લેબમાં લાવવાની તૈયારી છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામનની અધ્યક્ષતાવાળી અને બધા રાજયોનાં પ્રતિનિધિત્વવાળી આ પરિષદ કેન્દ્રનાં 'નેકસ્ટ જનરેશન'ના જીએસટી પ્રસ્તાવ પર ચર્ચા કરશે. પ્રસ્તાવિત સુધારામાં હાલનાં ૧૨ ટકા અને ૨૮ ટકાના જીએસટી સ્લેબને હટાવીને માત્ર ૫ ટકા અને ૧૮ ટકાના બે સ્લેબ રાખવો મુખ્યત્વે સામેલ છે. આ ઉપરાંત કેટલીક પસંદગીની વસ્તુઓ પર ૪૦ ટકાનો વિશેષ કર લેવામાં આવશે.

પરિષદની બેઠક પહેલા મંગળવારે રાજયોનાં અધિકારીઓની સાથે એજન્ડા પર ચર્ચા કરવામાં આવી હતી જેમાં જીએસટીને લઈને પુરો મુસદો પપણ તૈયાર કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, જીએસટી પર સંગઠિત મંત્રીઓનાં સમુહ (જીઓએમ) એ કર દરોને ઘટાડવાનાં કેન્દ્રનાં પ્રસ્તાવને ૨૧ ઓગસ્ટે મંજુરી આપી હતી અને પોતાની ભલામણો જીએસટી પરિષદને મોકલી હતી જો તેમને મંજુર કરવામાં આવે તો આમજન, ખેડૂત અને નાના ઉદ્યોગોને લાભ મળશે. ખાવા-પીવા અને સામાન્ય જરૂરીયાતની વસ્તુઓ સસ્તી થશે.

સુત્રોનું કહેવુ છે કે, સિંગલ વીમા પર જીએસટી દરોને પુરી રીતે સમાપ્ત કરવામાં આવી શકે છે. જયારે ગ્રુપ પોલીસી પર જીએસટીને ઘટાડીને પાંચ ટકા કરવામાં આવી શકે છે. હાલના સમયમાં સ્વાસ્થ્ય અને જીવનવીમા પર ૧૮ ટકા જીએસટી લાગે છે જેને લઈને લાંબા સમયથી વિપક્ષી રાજય માંગ કરી રહ્યા છે કે જીએસટીને હટાવવામાં આવે.

મંત્રી સમુહે એ ઈલેકટ્રીક વાહનો માટે જીએસટી દર પાંચ ટકાથી વધારીને ૧૮ ટકા રાખવાનો પ્રસ્તાવ રાખ્યો છે કે જેની કિંમત ૨૦ લાખથી ૪૦ લાખ રૂપિયા વચ્ચે છે.

હાલ આ વસ્તુઓ પર ૫ થી ૧૮ ટકા કર છે. જેના પર શુન્ય જીએસટી થવાની સંભાવના છે.આ વસ્તુઓમાં રોટી-પરોઠા-પેકેજડ દુધ-પનીર પિઝા, બ્રેડ, ખાખરા વાઘા પ્રકારની પેન્સીલો, નકશા, હાઈડ્રોગ્રાફિક ચાર્ટ, એટલસ, વોલ મેપ, ગ્લોબ, શૈક્ષણીક ચાર્ટ, પેન્સીલ શાર્પનર, એકસરસાઈઝ બુક, ગ્રાફ બુક, લેબ નોટબુકનો સમાવેશ થાય છે.

આ ચીજો સસ્તી થઈ શકે છે : ઘી, સુકોમેવો, નમકીન, કેટલાંક જુતા અને વો, દવાઓ, ચિકિત્સા, ઉપકરણ, પેન્સીલ, સાઈકલ, છત્રીથી





લઈને હેરપીન જેવી સામાન્ય વસ્તુઓ (૨૮ થી ૧૮ ટકાના સ્લેબમાં આવવા પર)

કેટલીક શ્રેણીના ટીવી, વોશીંગ મશીન, અને રેફ્રીઝરેટર જેવી ઈલેકટ્રોનિકસ વસ્તુઓ (૪૦ ટકા પર પ્રસ્તાવ) તમાકુ, પાન-મસાલા, સિગરેટ અને સોડાવાળા ઠંડા પીણાઓ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વાઈબ્રન્ટ સમિટ માટે કાલે દિલ્હીમાં રોડ-શો કરશે



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગાંધીનગરઃ ગુજરાતમાં આવનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સને લઈને સરકારે તૈયારી તેજ કરી છે. આ શ્રેણીની શરૂઆત પહેલાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કાલે દિલ્હી જશે. ત્યાં તેઓ રોકાણકારોને આકર્ષવા તથા ગુજરાતના નવા રોકાણ અવસર અંગે અવગત કરાવવા માટે વિશેષ રોડશોનું નેતૃત્વ કરશે.

દિલ્હીમાં યોજાનારા આ રોડશોમાં વિવિધ દેશોના રાજદૂત (ડિપ્લોમેટ્સ) મોટી સંખ્યામાં હાજરી આપવાના છે. ગુજરાત સરકારના મતે, ડિપ્લોમેટ્સ દ્વારા તેમના દેશોના ઉદ્યોગકારો અને રોકાણકારોને ગુજરાતમાં નવા અવસર અંગે જાણકારી મળે છે, જે સીધા લાવવામાં સહાયરૂપ બને છે. રોડ શો દરમિયાન એક પ્રેસ કોન્ફરન્સ પણ યોજાશે. જેમાં ગુજરાતની રોકાણ પ્રાથમિકતાઓ, નવી નીતિઓ અને રીજનલ કોન્ફરન્સનું મહત્વ રજૂ કરવામાં આવશે.

૨૦૦૩થી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટને હવે પ્રદેશ સ્તરે વિસ્તૃત કરવામાં આવી છે. એટલે કે એક મોટા કાર્યક્રમની જગ્યાએ હવે રાજ્યના ચારેય પ્રદેશોમાં અલગ-અલગ કોન્ફરન્સ યોજાશે. સરકારના જણાવ્યા મુજબ આ પગલાનો હેતુ સ્થાનિક ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપવાનો છે.

ગુજરાત સરકારનું માનવું છે કે, રીજનલ કોન્ફરન્સથી રીન્યુએબલ એનર્જી, કેમિકલ્સ, ટેક્સટાઈલ, કૃષિ પ્રોસેસિંગ અને ગ્રીન ડેવલપમેન્ટ જેવા ક્ષેત્રોમાં વિશાળ રોકાણની સંભાવના ઊભી થશે. ખાસ કરીને મહેસાણામાં આયોજિત પ્રથમ કોન્ફરન્સમાં જાપાનીઝ રોકાણકારોને ખેંચવા પર ભાર મૂકવામાં આવશે.

# દરેક બાળકને માતાપિતા બન્નેનો પ્રેમ મેળવવાનો અધિકારઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે મંગળવારે એક કેસની સુનાવણી દરમિયાન મહત્વની ટિપ્પણી કરી હતી કે દરેક બાળકને બંને માતાપિતાનો પ્રેમ મેળવવાનો અધિકાર છે અને ભલે તેઓ અલગ રહેતા હોય કે બે દેશોમાં રહેતા હોય, બાળક માટે તેમની સાથે સંબંધ જાળવી રાખવો મહત્વપૂર્ણ છે.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બેન્ચે એક વ્યક્તિ દ્વારા દાખલ કરાયેલી અરજીને સ્વીકારી હતી જેમાં તેણે તેના નવ વર્ષના પુત્ર સાથે વીડિયો ચેટ પર વાતચીત કરવાની મંજૂરી આપવાની વિનંતી કરી હતી.

અરજદારનો પુત્ર આયર્લેન્ડમાં તેની માતા સાથે રહે છે. અરજદારે દલીલ કરી છે કે સંપર્ક નકારવાથી, બાળક પિતાના પ્રેમ, માર્ગદર્શન અને ભાવનાત્મક સમર્થનથી વંચિત રહેશે.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે બાળક હાલમાં તેની માતા સાથે આયર્લેન્ડમાં રહે છે અને ત્યાં સ્થાયી થઈ ગયું હોય તેવું લાગે છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ કેસમાં બંને માતાપિતાનું વર્તન આદર્શ નહોતું અને કહ્યું કે તેમના અંગત મતભેદો લાંબા અને કડવા સંઘર્ષમાં ફેરવાઈ ગયા છે, પરંતુ કોર્ટ બાળકને આ સંઘર્ષનો ભોગ બનવાની મંજૂરી આપી શકે નહીં.

બેન્ચે કહ્યું કે, આ તબક્કે તે વ્યવસ્થાને વિક્ષેપિત કરવી તેમના હિતમાં રહેશે નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું, 'પિતાએ પણ અમારી સમક્ષ તેમની વિનંતી મર્યાદિત કરી છે કારણ કે તેઓ સુરક્ષાની માંગ કરી રહ્યા નથી પરંતુ ફક્ત વિડિઓ કોન્ફરન્સ દ્વારા તેમના પુત્ર સાથે નિયમિત વાતચીત કરવાની તક માંગી રહ્યા છે. અમને આ વિનંતી વાજબી અને જરૂરી બંને લાગે છે.'

બેન્ચે કહ્યું, 'દરેક બાળકને બંને માતાપિતાનો સ્નેહ મેળવવાનો અધિકાર છે. ભલે માતાપિતા અલગ રહેતા હોય કે બે દેશોમાં રહેતા હોય, બાળક માટે બંને સાથે સંબંધ જાળવી રાખવો મહત્વપૂર્ણ છે. આવા સંપર્કનો ઈનકાર કરવાથી બાળક પિતાના પ્રેમ, માર્ગદર્શન અને ભાવનાત્મક ટેકોથી વંચિત રહેશે.'

બેન્ચે કહ્યું, 'તેથી અમારું માનવું છે કે અપીલકર્તાની વિડિઓ વાતચીતની વિનંતી વાજબી છે. તે બાળકના વર્તમાન જીવનની પરિસ્થિતિની વાસ્તવિકતાને પિતા બાળકના જીવનનો ભાગ રહે તે જરૂરિયાત સાથે સંતુલિત કરે છે.'

સર્વોચ્ચ અદાલતે અનેક નિર્દેશો જારી કર્યા અને કહ્યું કે પુરુષને દર બીજા રવિવારે સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા (આયર્લેન્ડના સમય) સુધી બે કલાક માટે વિડિઓ કોન્ફરન્સ દ્વારા તેના પુત્ર સાથે વાત કરવાનો અધિકાર રહેશે.



બેન્ચે નિર્ણયમાં કહ્યું, 'બંને પક્ષોએ ખાતરી કરવા માટે સહયોગ કરવો પડશે કે વાતચીત સરળતાથી, સારી શ્રદ્ધાથી, કોઈપણ અવરોધ અથવા દ્વેષ વિના થાય.' ''વિડિઓ કોન્ફરન્સ સત્ર ગોઠવવામાં ઊભી થતી કોઈપણ તકનીકી અથવા લોજિસ્ટિકલ મુશ્કેલીઓ પરસ્પર સંમતિથી ઉકેલવામાં આવશે, તે ધ્યાનમાં રાખીને કે બાળકનું હિત સર્વોચ્ચ મહત્વનું છે,'' તેમાં કહેવામાં આવ્યું છે.

# ચીને અમેરિકાની સર્વોપરીતા સામે ફેંકયો પડકારઃ વિશ્વને બતાવી લશ્કરી તાકાત



**મુખ્ય સમાચાર, બેઈજિંગ**

અમેરિકા વિશ્વનો સૌથી શક્તિશાળી દેશ છે, તેમાં કોઈ શંકા નથી. પરંતુ હવે એશિયન દેશ ચીન અમેરિકાની સર્વોપરિતાને પડકાર ફેંકી રહ્યો હોય તેવું લાગે છે. ચીન માને છે કે તે દિવસ દૂર નથી જ્યારે તે પ્રગતિની દ્રષ્ટિએ અમેરિકાને પાછળ છોડી દેશે. આ મહત્વાકાંક્ષા સાથે, ચીન આજે વિશ્વ સમક્ષ પોતાની શક્તિનું પ્રદર્શન કરી રહ્યું છે. ચીન તેની વધતી જતી રાજદ્વારી અને લશ્કરી શક્તિનું પ્રદર્શન કરવા માટે અત્યાર સુધીની સૌથી મોટી લશ્કરી પરેડનું આયોજન કરી રહ્યું છે, આ પરેડમાં તેના આધુનિક ફાઈટર એરક્રાફ્ટ, મિસાઈલો અને નવા ઈલેક્ટ્રોનિક યુદ્ધ હાર્ડવેરનો સમાવેશ થાય છે. વિજય દિવસ પરેડમાં પહેલીવાર, ઝજ-૬૧ અને શ્ન-૩ જેવી અત્યાધુનિક મિસાઈલ સિસ્ટમ્સ જાહેરમાં પ્રદર્શિત કરવામાં આવી હતી. બેઈજિંગમાં આયોજિત વિજય દિવસ પરેડમાં, ચીને ઝજ-૬૧ બેલિસ્ટિક મિસાઈલનું પ્રદર્શન કર્યું, જે પરમાણુ ક્ષમતાથી સજ્જ છે અને લાંબા અંતર સુધી પ્રહાર કરવા સક્ષમ છે. આ સાથે, શ્ન-૩ મિસાઈલ, જે સબમરીનથી લોન્ચ કરી શકાય છે અને અમેરિકા સુધી પહોંચવાની ક્ષમતા ધરાવે છે, તે આ પરેડનો મુખ્ય ભાગ હતો. ચીને નૌકા યુદ્ધમાં તેની વધતી જતી તાકાત દર્શાવવા માટે જહાજ વિરોધી મિસાઈલોનું પણ પ્રદર્શન કર્યું. આ ઉપરાંત, કોમ્બેટ ડ્રોન દર્શાવવામાં આવ્યા હતા જે દેખરેખ અને હુમલો બંને માટે સક્ષમ છે, અને પરેડમાં લેસર શષો અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. આ બધા શષોએ ચીનની તકનીકી અને વ્યૂહાત્મક ક્ષમતાઓને વિશ્વ સમક્ષ મજબૂત રીતે રજૂ કરી.

બીજા વિશ્વયુદ્ધના અંતની ૮૦મી વર્ષગાંઠ પર ચીને તિયાનમેન સ્ક્વેરમાં એક ભવ્ય લશ્કરી પરેડનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે હાજર રહ્યા હતા. આ ત્રણેય નેતાઓનું સ્ટેજ શેર કરવું એ સમગ્ર વિશ્વ માટે એક મોટો સંદેશ છે. એક જ મંચ પર ત્રણેયની હાજરી ખૂબ જ દુર્લભ અને શક્તિશાળી સંદેશ હતો, જેને પમિ દેશો સામે એકતા તરીકે જોવામાં આવી રહી છે.

ભવ્ય પરેડ દરમિયાન તિયાનમેન સ્ક્વેર પર શી જિનપિંગનું લાલ જાજમ પાથરીને સ્વાગત કરવામાં આવ્યું હતું, જેમાં તેમની જમણી બાજુ પુતિન અને ડાબી બાજુ કિમ હતા. આ કાર્યક્રમ પછી બંદૂકોની સલામી, સુવ્યવસ્થિત કૂચ, ફલાયઓવર અને ચીનના નવીનતમ હાઈ-ટેક શષોનું પ્રદર્શન કરવામાં આવ્યું. ચીની લોકોએ વિશાળ પરેડની શરૂઆત ચીનને અજેય કહીને કરી અને ચેતવણી આપી કે માનવતા પાસે શાંતિ અથવા યુદ્ધ, સંવાદ અને મુકાબલો વચ્ચે પસંદગી કરવાનો બાકી છે.

શી જિનપિંગે તિયાનમેન સ્કવેરમાં રેડ કાર્પેટ પર પુતિન અને કિમનું સ્વાગત કર્યું. પરેડની શરૂઆત બંદૂકની સલામી, લશ્કરી કૂચ, ફલાયપાસ અને ચીનના નવીનતમ હાઈ-ટેક શષોના પ્રદર્શન સાથે થઈ. શીએ તેમના ભાષણમાં કહ્યું, ચીની રાષ્ટ્રનું પુનર્જીવન અજેય છે, અને માનવતાના શાંતિ અને વિકાસનું લક્ષ્ય પ્રબળ રહેશે. તેમણે પમિ પર નિશાન સાધતા કહ્યું, ફુકમાનવતાને શાંતિ કે યુદ્ધ, સંવાદ કે મુકાબલો, અને જીત-જીત પરિણામ કે શૂન્ય-સમ રમત વચ્ચે પસંદગી કરવાની છે.


ચીને બુધવારે બીજા વિશ્વયુદ્ધમાં જાપાની આક્રમણ સામેની જીતની ૮૦મી વર્ષગાંઠ પર આયોજિત ભવ્ય લશ્કરી પરેડ દ્વારા પોતાની આધુનિક લશ્કરી શક્તિનું પ્રદર્શન કર્યું. આ દરમિયાન, ચીને પહેલીવાર જાહેરમાં ઘણા અત્યાધુનિક શષોનું પ્રદર્શન કર્યું જેમાં અત્યાધુનિક જેટ ફાઈટર એરક્રાફ્ટ, મિસાઈલ સિસ્ટમ, ઈલેક્ટ્રોનિક યુદ્ધ સાધનોનો સમાવેશ થાય છે.

# ગુજરાતમાં પ્રથમ ત્રિમાસિક સમયમાં શૈક્ષણિક લોનનું પ્રમાણ ૧૨% ઘટયું

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાંથી વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જતાં વિદ્યાર્થીઓ બેંકો દ્વારા આપવામાં આવતી લોનનું પ્રમાણચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક સમયમાં ૧૨ ટકા ઘટયું છે. એપ્રિલથી જૂન માસ દરમિયાન રૂા.૪૦૬ કરોડની શૈક્ષણિક લોનનું વિતરણ કરાયું છે.

સ્ટેટ લેવલ બેંકિંગ કમિટીની તાજેતરમાં મળેલી બેઠકમાં આ બાબત જણાવાઈ હતી. શૈક્ષણિક લોનની રકમ ગત વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળાની તુલનાએ રૂા.૬૦ કરોડનો ઘટાડો દર્શાવે છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન બેંકો દ્વારા રૂા.૪૬૬ કરોડની લોનનું વિતરણ ઉચ્ચ અભ્યાસ માટે જતાં વિદ્યાર્થીઓને કરવામાં આવ્યું હતું.





લોન લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ગત વર્ષના આ સમયગાળાની તુલનાએ ૪.૫ ટકાનો ઘટાડો દર્શાવે છે. ગત વર્ષે શૈક્ષણિક લોન ૭,૩૮૫ વિદ્યાર્થીઓને અપાઈ હતી. જ્યારે આ વર્ષે ૭૦૪૮ વિદ્યાર્થીઓને આપવામાં આવી છે. આમ ૩૩૭વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બીજી વખત સત્તા સંભાળ્યા બાદ અમેરિકામાં ઉચ્ચ શિક્ષણની નીતિ કુડક્ક નીતિમાં પણ ફેરફાર કર્યા છે. આવી જ રીતે કેનેડામાં પણ ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ માટેના નિયમોમાં આમૂલ પરિવર્તન થયું છે. જેની સીધી અસર આ દેશોમાં ઉચ્ચ અભ્યાસ માટે જતાં વિદ્યાર્થીઓના પ્રમાણ ઉપર પણ જોવા મળી રહ્યો છે. કેટલાક વિદ્યાર્થીઓએ તો અમેરિકા - કેનેડાના વિકલ્પે અન્ય દેશોમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યા છે. અમેરિકા અને કેનેડામાં અભ્યાસ માટે જતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૦ ટકા જેટલો ઘટાડો જોવા મળી રહ્યો હોવાનું વિદેશી શિક્ષણ માટે સલાકારક સંસ્થાઓના સંચાલકો દ્વારા જણાવાય છે. અમેરિકામાં ઈમિગ્રેશન વિરોધી જે વાતાવરણ છે તેનો પડઘો અત્યારે જોવા મળી રહ્યો છે.

# કાળા કાચ અને નંબર પ્લેટ વગરના વાહનો સામે આજથી પોલીસની તવાઈ

## લોકોને નિયમનું પાલન કરવા રાજયના ગૃહવિભાગનો અનુરોધ



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યના ગૃહ વિભાગ દ્વારા વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત પોલીસ દ્વારા આજથી ૧૭ સપ્ટેમ્બર સુધી રાજ્યભરમાં એક ખાસ ડ્રાઈવ શરૂ કરી નંબર પ્લેટ વગરની અને કાળા કાચ વાળી ગાડીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.પોલીસ વિભાગના જણાવ્યા મુજબ, નંબર પ્લેટ વગરની અને કાળા કાચ વાળી ગાડીઓ ઘણીવાર ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલી હોય છે અને ગુનેગારોને ઓળખવામાં અવરોધરૂપ બને છે. જેથી ખાસ ડ્રાઈવનો આદેશ ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યો છે.

નંબર પ્લેટ વગરના વાહનો કાયદાકીય રીતે માન્ય નથી, કારણ કે તેનાથી વાહન માલિકની ઓળખ થઈ શકતી નથી. તેવી જ રીતે, કાળા કાચવાળી ગાડીઓમાં અંદર બેઠેલા લોકો સરળતાથી જોઈ શકાતા નથી, જેના કારણે ગુનેગારો માટે આવી ગાડીઓ છૂપાવા માટેનું ઉત્તમ સાધન બની રહે છે. આ કારણોસર પોલીસ વિભાગે આવા વાહનોને શોધી કાઢવા અને નિયમોનું ઉલ્લંઘન કરનારા માલિકો સામે કડક કાનૂની પગલાં લેવા માટેનો નિર્ણય લીધો છે.

આ ડ્રાઈવ દરમિયાન રાજ્યના તમામ પોલીસ સ્ટેશનો અને ટ્રાફિક પોલીસ વિભાગને સક્રિય થવા માટે સૂચના આપવામાં આવી છે. શહેરી વિસ્તારોથી માંડીને ગ્રામીણ વિસ્તારો સુધી, દરેક જગ્યાએ ખાસ ચેકિંગ પોઈન્ટ્સ ઊભા કરવામાં આવશે અને શંકાસ્પદ વાહનોની તપાસ કરવામાં આવશે.

પોલીસ દ્વારા લોકોને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ તેમના વાહનો પર નિયમાનુસાર નંબર પ્લેટ લગાવે અને કાયદાનું પાલન કરે. જો કોઈ વાહન માલિક નિયમોનું ઉલ્લંઘન કરતો જણાશે, તો તેને દંડ અને કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે. આ ઝુંબેશનો ઉદ્દેશ્ય માત્ર દંડ વસૂલવાનો નથી, પરંતુ લોકોમાં કાયદા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને રાજ્યમાં સુરક્ષાનું વાતાવરણ જાળવવાનો છે.

# ટ્રમ્પનો ટેરિફ બોમ્બ અમેરિકાના માથે જ ફુટયો હોવાનો મૂડીઝે કર્યો દાવો



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ટેરિફ બોમ્બ અમેરિકાના માથે જ ફૂટ્યો હોવાનો દાવો હવે ગ્લોબલ રેટિંગ એજન્સી મૂડીઝે કર્યો છે. મૂડીઝે રિપોર્ટમાં જણાવ્યું છે કે, અમેરિકા ગંભીર મંદીની કગાર પર પહોંચ્યું છે. અમેરિકાનો ૧/૩ હિસ્સો પહેલાંથી જ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. એવામાં ટ્રમ્પના વિવિધ દેશો પર ટેરિફ બોમ્બથી અમેરિકાની આર્થિક સ્થિતિ વધુ વણસી છે.

મૂડીઝ એનાલિટિક્સના ચીફ ઈકોનોમિસ્ટ માર્ક જેન્ડીએ અમેરિકાને ચેતવણી આપી છે કે, રાજ્ય સ્તરીય આંકડાઓ સંકેત આપી રહ્યા છે કે, અમેરિકાનું અર્થતંત્ર મંદીની કગાર પર પહોંચ્યું છે. અમેરિકાના જીડીપીમાં લગભગ ૧/૩ યોગદાન આપતાં રાજ્યો મંદીના સંકજામાં છે. અમુક સ્થળોએ મંદીએ ભયાવહ સ્વરૂપ ધારણ કર્યું છે. ટ્રમ્પ જીડીપી ગ્રોથ અને મોંઘવારીના આંકડાને આર્થિક સફળતાનું પ્રમાણ ગણાવી રહ્યા છે. તેઓ ટેરિફની સકારાત્મક અસર થઈ રહી હોવાનો દાવો કરી રહ્યા છે. પરંતુ યુએસએ એક ગંભીર મંદીનો સામનો કરી રહ્યું છે. જેનાથી તેને મોટાપાયે નાણાકીય નુકસાન થઈ શકે છે.

રિપોર્ટમાં જેન્ડીએ જણાવ્યું હતું કે, અમેરિકાના કુલ જીડીપીમાં યોગદાન આપતાં ૧/૩ રાજ્યો મંદીનો સામનો કરી રહ્યા છે, જ્યાં મંદીનું સંકટ તોળાઈ રહ્યું છે. સરકારી નોકરીઓમાં ઘટાડાના કારણે આ સંકટ વધુ ઘેરુ બન્યું છે. ઉત્તર-પૂર્વ, મધ્ય-પશ્ચિમ અને વોશિંગ્ટન ડીસી ક્ષેત્રમાં સૌથી વધુ અસર જોવા મળી છે. જ્યાં નોકરીઓ ઘટી રહી છે. ટ્રમ્પ સરકાર બન્યા બાદ જાન્યુઆરીથી મે સુધી વોશિંગ્ટન ડીસીમાં ૨૨,૧૦૦ સરકારી નોકરીઓ ખતમ થઈ છે.

ટ્રમ્પ વિવિધ દેશો પર ટેરિફ લાદી અમેરિકામાં જ ઉત્પાદન વધારવા માગે છે. પરંતુ તેનાથી વિપરિત અમેરિકામાં મેન્યુફેક્ચરિંગ ગતિવિધિઓ ઘટી રહી છે. ઓગસ્ટ, ૨૦૨૫માં અમેરિકાનો મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ ઘટી ૪૮.૭ થયો છે. કારખાનાની સ્થિતિ ૨૦૦૮માં આવેલી મહામંદીના સમય કરતાં પણ વધુ કથળી હોવાનો દાવો મૂડીઝે કર્યો છે. અમેરિકામાં મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ સળંગ છ મહિનાથી ઘટી રહ્યો છે. ત્યાંના કારખાના ટ્રમ્પ સરકારના ટેરિફથી પીડિત છે. જે સ્પષ્ટ સંકેત આપે છે કે, ટેરિફનો અમેરિકાને ફાયદો નહીં પણ નુકસાન થઈ રહ્યું છે. મોંઘવારી વધતાં ઉત્પાદન ખર્ચ વધ્યો છે. તેમજ ટેરિફના કારણે ઘણા દેશો અમેરિકાનો વિકલ્પ શોધી રહ્યા છે.

# જામનગર કલેક્ટર અધ્યક્ષતામાં સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત બેઠક યોજાઈ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૪ અંતર્ગત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કલેક્ટરએ અન્ય અધિકારીઓ સાથે સુજલામ સુફલામ જળઅભિયાનના વિભાગવાર પૂર્ણ થયેલા કામો અંગે સમીક્ષા કરી હતી.સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૪ અંતર્ગત જામનગર જિલ્લામાં લોકભાગીદારીના કુલ સાત કામો પૂર્ણ કરવામાં આવ્યા છે તેના બીલો મંજૂર કરવામાં આવ્યા હતા. જેમાં કુલ ૧૨ લાખ ૫૦ હજાર રૂપિયાના કામો પૂર્ણ થયા છે તેના ચુકવણાને મંજૂરી આપવામાં આવી હતી.

આ કામોમાં જામનગર તાલુકાનું ૧, ધ્રોલ તાલુકાના ૨, લાલપુર તાલુકાના ૨, જામજોધપુર તાલુકાના ૨ કામોનો સમાવેશ થાય છે.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ,નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, પ્રાંત અધિકારીઓ તથા લગત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મગફળીના જંગી ઉત્પાદન થવાનો આશાવાદ છતાં સિંગતેલમાં ઉછાળો

ખાદ્યતેલના ભાવમાં ઉછાળો નોંધાયો છે. ખાસ કરીને ત્રણ દિવસ થી સિંગતેલ ના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. આજે ફરી સિંગતેલમાં રૂ.૨૦ વધ્યા છે. આ સાથે કપાસિયા, અને પામોલીનમાં પણ વધ્યા છે. સિંગતેલ માં રૂ.૨૦ના વધારા સાથે ડબ્બો રૂ.૨૩૩૦ - ૨૩૫૦, કપાસિયા માં રૂા૧૦ વધતાં ડબ્બો રૂ.૨૨૬૦-૨૩૧૦ અને પામોલીન માં રૂ.૫ વધવાની સાથે ડબ્બો રૂ.૨૦૨૦- ૨૦૨૫ એ પહોંચ્યો છે.

# જામનગરમાં ગ્રીન ગુજરાત, ક્લીન ગુજરાતના સૂત્ર સાથે ૭૬મા વન મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, પર્યાવરણની સુરક્ષા અને ગ્લોબલ વોર્મિંગની ગંભીર અસરોને ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે જામનગરમાં ૭૬માં વન મહોત્સવની એક પેડ માં કે નામ ૨.૦ અંતર્ગત જામનગર શહેરમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દેશના મહાન સપૂત સ્વ. કનૈયાલાલ મુનશીજી દ્વારા વર્ષ ૧૯૫૦માં શરૂ કરાયેલી પરંપરાને જાળવી રાખી, વન વિભાગ અને જામનગર મહાનગર પાલિકાના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ અને જનજાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. વન મહોત્સવ અંતર્ગત, જામનગર જિલ્લામાં વનીકરણના અનેક પ્રગતિશીલ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે.

સામાજિક વનીકરણ વિભાગ, દેવભૂમિ દ્વારકા દ્વારા જામનગર જિલ્લામાં કુલ ૧૯.૪૩ લાખ ઔષધીય, સ્થાનિક, અને ફળાઉ પ્રજાતિના રોપાઓ ઉછેરવામાં આવ્યા છે, જેનું આ મહોત્સવના માધ્યમથી વિતરણ તથા વાવેતર કરવામાં આવશે.ચાલુ વર્ષે વિવિધ સરકારી યોજનાઓ હેઠળ કુલ ૧૧૬ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું છે. આ વિશેષ અભિયાન હેઠળ જામનગર જિલ્લામાં ૧૫.૯૩ લાખ રોપા વાવવાનો કે વિતરણ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.જામનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ગત વર્ષે ૧ હેક્ટરમાં વન કવચનું નિર્માણ કરવામાં આવેલ છે. અને ચાલુ વર્ષે ૨ હેક્ટર વિસ્તારમાં વન કવચ અને ૧ હેક્ટર વિસ્તારમાં અર્બન ફોરેસ્ટનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રસંગે માન. મેયર વિનોદભાઈ ખીમસુર્યાએ જણાવ્યું કે ગ્લોબલ વોર્મીંગની અસર ઘટાડવા માટે વધુમાં વધુ વુક્ષ વાવેતર થાય તે આજના સમયની માંગ છે આ સમયે તેઓએ વન મહોત્સવની શરૂઆત કરાવનારા સ્વ.કનૈયાલાલ મુનશીજીને યાદ કર્યા હતા.તેઓએ વધુમાં જણાવ્યું કે વન વિભાગ દ્વારા વધુમાં વધુમાં વૃક્ષો નું વાવતેર થાય તે હેતુ થી વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે અને જામનગર મહાનગરપાલિકાના વિસ્તારમાં રોડ સાઈડ અને રોપા વાવેતર થઈ શકે તેવા વિસ્તારમાં વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ કાર્યક્રમમાં હાજર રહેલ તમામને વધુમાં વધુ વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવડાવામાં આવેલ હતો.આ પ્રસંગે ગ્રીન ગુજરાત, ક્લીન ગુજરાત'ના સ્વપનને સાકાર કરી શકાય તે હેતુથી ઉપસ્થિત મહાનુભાવોએ નાગરિકોને વૃક્ષારોપણ અને તેના જતન માટે પ્રતિબદ્ધતા દાખવવા અપીલ કરી હતી.આ પ્રસંગે, કમિશનર ડી. એન. મોદી,વન અધિકારી.પ્રશાંત તોમર અને એ. પી. પટેલ, શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, સંસ્થાના ટ્રસ્ટી મુળુભાઈ કંડોરીયા, લાલાભાઈ ગોરીયા,હરદાસભાઈ કંડોરીયા, કનારા, આમંત્રિત મહેમાનો, કોર્પોરેટઓ, વિદ્યાર્થીઓ સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિતરહ્યાહતા.

# જામનગરમાં દગડુશેઠ ગણપતિ મહોત્સવ પંડાલના આયોજકો ૯મો વિશ્વ રેકોર્ડ સર્જશે

### મેદસ્વિતા મુક્ત ગુજરાત ની થીમ સાથે ૧૦ કિલો તેલીબિયાં માંથી ૫.૫ ફૂટની ઉંચાઈના ગણપતિજી બનાવવામાં આવ્યા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના બેડી ગેઈટ, કડિયા બજાર રોડ પર શ્રી દગડુશેઠ સાર્વજનિક ગણપતિ મહોત્સવ માં છેલ્લા ૨૯ વર્ષથી વિવિધ થીમ પર એઈટ વન્ડર્સ ગ્રુપ દ્વારા ગણપતિજીની સ્થાપના કરવામાં આવે છે. અહીં દર વર્ષે ઈકો ફ્રેન્ડલી ગણપતિનું સ્થાપન કરી, લોકજાગૃતિ લાવવા પણ પ્રયાસ કરવામાં આવે છે.આ વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મેદસ્વિતા ઘટાડવા માટે તેલના ઓછા ઉપયોગ માટે આહ્વાન કરાયું છે, જે વાતને આ ગણેશ પંડાલમાં ખાસ ભાર આપવામાં આવ્યો છે. અને વિવિધ તેલીબિયાંની થીમ ઉપર ગણપતિ બનાવવામાં આવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તેલ વપરાશ ૧૦% ઘટાડવાના સંદેશને પ્રોત્સાહન આપવા તથા લોકોનું સ્વાસ્થ્ય સુધરે અને મેદસ્વીતા મુક્ત ગુજરાતના સુત્રને ધ્યાને લઈ ગણપતિજીની મૂર્તિની બનાવટમાં સોયાબીન, મકાઈ, સરસવ, તલ, એરંડા, કપાસ, સીંગદાણા, રાયડો, સૂરજમુખી, નારીયેળનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

તેમજ આ વર્ષે ગણપતિજીને વિવિધ તેલીબિયાના સૌથી વધુ ત્રણ મુગટ પહેરાવીને વિશ્વ રેકોર્ડ બનાવવા માટે નોમિનેશન નોંધાવ્યું છે.એઈટ વન્ડર્સ ગ્રુપ દ્વારા અગાઉ પણ વિવિધ થીમ આધરિત ગણેશ પંડાલ અને પ્રસાદનું આયોજન કરી ૮ વિશ્વ રેકોર્ડ સર્જવામાં આવ્યા છે. અને આ વખતે ૯ મો વિશ્વ રેકોર્ડ સર્જવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બહોળી સંખ્યામાં જામનગરવાસીઓ આ અદ્ભુત ગણપતિજીના દર્શનાર્થે આવે છે. ઉલ્લેખનીય છે કે, જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગણપતિજી વિસર્જન માટે કૃત્રિમ કુંડ બનાવવામાં આવ્યા છે તે મુજબ જ ૧૧માં દિવસે આ મૂર્તિનું વિસર્જન કરવામાં આવશે.એઈટ વન્ડર્સ ગ્રુપના સભ્ય ભરતસિંહ પરમાર જણાવે છે કે, દગડુશેઠ ગણપતિ સાર્વજનિક મહોત્સવ દ્વારા ૨૯ વર્ષથી સામાજિક સંદેશ આપતી થીમ પર ગણપતિજીની સ્થાપના કરવામાં આવે છે. વડાપ્રધાન એ લોકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે હેતુથી ૧૦% તેલ ઓછું ખાવા માટે જણાવ્યું હતું તેને અનુસરીને અમારી ટીમ દ્વારા આ વખતે ભારતના અલગ અલગ રાજ્યોમાં વપરાશ થતા અલગ અલગ તેલીબિયાંનો ઉપયોગ કરી ઈકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવેલી છે. ગત વર્ષોમાં અમારી ટીમ દ્વારા ૮ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપવામાં આવેલ હતા. આ વર્ષે પણ અમારી ટીમ દ્વારા નવમો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપવા માટેના પ્રયત્નો કરવામાં આવેલ છે.

ગણેશચતુર્થીના તહેવારને અનુલક્ષીને તેમજ રાજ્યના સાંસ્કૃતિક વારસાનું જતન થાય અને પરંપરાગત લોકસંસ્કૃતિનો કલા વારસો લોકો સુધી પહોચાડવા માટે રાજ્ય સરકાર દ્વારા શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગીતા-૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું છે.તેમાં અમે પણ ભાગ લીધો છે.આ પહેલ બદલ અમે સરકારનો આભાર વ્યક્ત કરીએ છીએ.મૂર્તિની વિશેષતા.૧૦ પ્રકારના ૧૦ કિલો તેલીબિયાંનો ઉપયોગ.૫.૫ ફૂટની ઉંચાઈ.મૂર્તિ બનાવવામાં ૧૫ લોકોની જહેમતથી ૧ મહિનાનો સમય લાગ્યો.તેલીબિયામાંથી મૂર્તિ, મૂષક સહીત ૩મુગટ બનાવી ૯મો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપવાનો પ્રયાસ.મેદસ્વીતા મુક્ત ગુજરાત અભિયાન તથા ફિટનેસનો સંદેશો લોકો સુધી પહોચે તે હેતુથી મૂર્તિની સ્થાપના.

# મંત્રી રાઘવજી પટેલનાં ગામ ધ્રોલમાં નકલી જંતુનાશક દવાનો પર્દાફાશ




### ધ્રોલની દુકાનમાંથી BASF કંપનીની નકલી દવા મળી, વેપારી સામે કાર્યવાહી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલમાં નકલી જંતુનાશક દવાનું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. કૃષિમંત્રી રાઘવજી પટેલના વતન ધ્રોલમાં આવેલી કામધેનુ એગ્રો સેન્ટરમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.અમદાવાદની કંપનીના પ્રતિનિધિ અને પોલીસે સંયુક્ત તપાસ કરી હતી.

દુકાનમાંથી BASF કંપનીની પ્રીઓક્સર નામની બિયારણની નકલી દવાની બે બોટલ મળી આવી. કંપનીના પ્રતિનિધિ નિતિનકુમાર પટેલે આ દવા નકલી હોવાની પુષ્ટિ કરી.

પોલીસે રૂપિયા ૭,૬૦૦ની કિંમતની બંને બોટલ કબજે કરી છે. આ બોટલ લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલવામાં આવી છે. દુકાનના માલિક હસમુખભાઈ મગનલાલ પનારાએ આ દવા બહારથી મંગાવી હોવાનું સ્વીકાર્યું છે.કંપનીના પ્રતિનિધિની ફરિયાદના આધારે વેપારી સામે કોપીરાઈટ એક્ટ કલમ ૬૩ અને બી.એન.એસ. કલમ ૩૪૭-૧ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

# રાજકોટમાં મહિલા કોન્સ્ટેબલને આર્મીમેન પતિનો ત્રાસ

### પતિ અને સાસુ-સસરા વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોપટપરા જેલની બાજુમાં પોલીસ લાઈનમાં રહેતી અને ગાંધીગ્રામ પોલીસમાં ફરજ બજાવતી અને મૂળ કોડીનારની વતની અંજલીબેન વીજયકુમાર પરબતભાઈ ખરા(ઉ.વ.૩૧)એ તેમના આર્મીમેન પતિ વિજય પરબત, સસરા પરબતભાઈ અને સાસુ આલીબેન સામે ત્રાસ અંગેની ફરિયાદ નોંધાવી છે.અંજલિબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે, જામનગરના લાલપુર નિવાસી આર્મીમેન સાથે વિજયકુ માર પરબતભાઈ સાથે તેઓએ સિવિલ મેરેજ કર્યા હતા.તેમને સંતાનમાં સાત વર્ષની દીકરી છે.અંજલિબેન ૨૦૧૭સુધી સાસરામાં રહેલ આ દરમ્યાન ત્રણેક મહીના સુધી મને સારી રીતે રાખેલ અને પતિ રજા ઉપર આવતા જતા હતા અને પતિ રજામાં આવતા ત્યારે સાસુ-સસરા જ્યા સુધી ઘરવાળા હોય ત્યા સુધી સારુ વર્તન કરતા બાદ તેઓ મને ગાળો આપતા અને મને એવુ કેહતા કે તારા માની ઘરે થી તને શુ આપીયુ તુ જતી રે તારી માના ઘરે તેમ કહેતા હતા અને કેહતા કે તને રોટલા અમે અપીયે તુ અમારા ઘરની કામ વાળી છો એમ મેટા ટોણા મારતા હતા. બાદમાં એકવાર સાસુના કેહવાથી પતિ એ દારૂ પી અંજલિબેનને મારમાર્યો હતો. તેઓએ જાનથી મારી નાખશુ એવુ કહી ચુપ કરાવી દીધેલ બાદ પતિ રજા પુરી કરી નોકરીમાં પાછા જતા રહેલ બાદ અંજલિબેન માતાના ઘરે બે દિવસ માટે રોકાવા ગયા બાદ અમો ૨૦૧૭ની ભરતીમા રાજકોટ રહી તૈયારી કરી તા.૩૧/૦૭/૨૦૧૭ મા અમને પોલીસની નોકરી વડોદરા ગ્રામ્યમાં મળી ગયા બાદ વડોદરા એકલી જતી રહેલ અને પોલીસ કર્મચારીઓ સાથે રહેતી આ દરમ્યાન પતિએ લાલચમાં ખુબજ સારો દેખાવ કરી સાથે રેહવા લાગ્યા હતા.બાદમાં દીકરીનો જન્મ થયા બાદ પતિનો સ્વભાવ ફરી બદલાઈ ગયો હતો.પતિ અવાર નવાર પૈસાની માંગણી કરતો હતો અને હમેશા ધમકી આપતો કે તને અને તારી દિકરી ને મારી નાખીશ અને કોઈ પોલીસ અમારા આર્મીવાળાનુ કાઈ તોડી ન લે તમારી ઓકાત શુ છે તેમ કહેતા અને તુ તારા સ્ટાફમાં ગમે તેની સાથે વાતો કરે તુ કોઈને રાખીને બેઠી છે તેમ કહીને અંજલિબેન ઉપર શંકાઓ કરી તેમને કાઢી મુકવાની ધમકી આપી ખરાબ વર્તન વારવાર કરતો હતો.બાદમાં ફોન નંબર હાલતા બ્લોક કરી અને ૧૨ મહીના સુધી અમારો કોઈ ખબર અંતર ન પુછે અને આવુ સને -૨૦૨૪ સુધી ચાલુ રહેલ અને મને એકલી મુકી દેતા જેથી તા.૨૪/૦૮/૨૦૨૪ ના અમોએ રાજકોટ કોર્ટમા ભરણ પોષણ નો કેશ કર્યો હતો. ૨૦ લાખની માંગણી કરી અંજલિબેનના માતાને કહ્યું કે હુ તમને અને માહિ અને અજલી ને જીવવા જેવા નહી રેહવા દઉં તે મ ધમકી આપી કહેલ કે રૂપીયા ૫૦,૦૦૦ કોઈને આપીએ તો માણસ ને મારી નાખે અને એક્સિડન્ટ થઈ જશે તો ખબર નહિ રહે તુ ને તારી દિકરી કેશ પાછો ખેંચી લો અને મને ૨૦ લાખ આપી દો તેમ કહી ધમકી આપતા હતા.આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટના વેપારીને બનાસકાંઠાના દંપતીએ ૨.૧૦ લાખનો ધુમ્બો માર્યો

### રૂપિયા લઈ મશીન ન મોકલતા છેતરપિંડીની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર રતનપર માં વ્રજવાટિકામાં રહેતા ભાર્ગવભાઈ કાંતિલાલ લાઠીયા(ઉ.૩૦) સાથે મારૂતી પેકેજીંગ ઈક્વીપમેન્ટ કંપનીના માલિક કે જેઓ બનાસકાંઠાના વડગામ તાલુકાના કોદરલીમાં રહેતા દિમીબેન ભુપેન્દ્રભાઈ મેવાડા અને ભૂપેન્દ્રભાઈ ઉર્ફે ભરત જગજીવન મેવાડાએ વેપારીને બોડીડોઝ કંપનીમાં જોઈતી મશીનરીની ડીલીવરી પહોંચાડવાની લાલચ આપી રૂ.૩,૦૦,૦૦૦/- નું એડવાન્સ પેમેન્ટ મેળવી મશીનરીની ડીલીવરી ન પહોંચાડી કે એડવાન્સ ના નાણા પર પરત આપેલ ન હોય જેથી વેપારીએ સીપી ઓફીસ રાજકોટ ખાતે અરજી કરતા ૩ લાખમાંથી માત્ર રૂ.૯૦ હજાર ૫ પરત આપી બાકીના રૂ.૨,૧૦,૦૦૦/- અલગ-અલગ

બહાના કરી પરત નહીં આપી દિપ્તીબેન અને ભૂપેન્દ્રભાઈએ કાવતરું રચતા કુવાડવા રોડ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ભાર્ગવભાઈએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લાં પાંચેક વર્ષથી નવાગામ આણંદપર ગામે સિવ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ઈન્ડસ્ટ્રીઝ માં બોડીડોઝ નામથી કોસ્મેટિક પ્રોડક્ટની કંપની ચલાવી વેપાર કરે છે. તેઓને છ એક મહિના પહેલા મશીનરીની જરૂરિયાત ઊભી થતા ઓનલાઈન અથવા ઓફલાઈન મશીનરી શોધતા હતા ત્યારે તેઓને અમદાવાદની મારુતિ પેકેજીંગ ઈકવિપમેન્ટ નામની કંપનીનો સંપર્ક થયો હતો. તેમાં તેઓએ ઓનર દીપ્તિબેનનો કોન્ટેકટ કરી કંપનીની સાઈટ પરથી દીપ્તિબેનના પતિ ભુપેન્દ્રભાઈનો સંપર્ક કર્યો હતો. તેઓને સેમી ઓટોમેટિક ટ્યુબ ફીલિંગ મશીનનું જરૂરિયાત હોય જેથી તેનો ઓર્ડર આપ્યો હતો. તેની કિંમત ૨.૫૩ લાખ કહી અને તેના એડવાન્સ રૂપિયા પહોંચાડવાનું કહેતા તેઓને ઓનલાઈન બેંક મારફતે ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં ફરિયાદીના સગા મોટા ભાઈ નેમિશભાઈ કાંતિભાઈ લાઠીયા અને તેના પત્ની પુજાબેન રૂબરૂ ભુપેન્દ્રભાઈની કંપનીએ ગયા હતા ત્યાં વધુ બે મશીન પસંદ પડતા તેઓએ તેના પણ એડવાન્સ પેટે રકમ આપી આમ કુલ ૩ લાખ રૂપિયા આપ્યા હતા. તેઓના કહ્યા પ્રમાણે ૧૦ દિવસમાં ડિલિવરી ન મળતા ભુપેન્દ્રભાઈ સાથે કોલમાં વાત કરી હતી અને તેઓએ અલગ અલગ બહાનાઓ કાઢ્યા હતા.

તેમજ તેઓએ વાહન મોકલી આપવાનું કહેતા ફરિયાદીએ વાહન મોકલી આપ્યું હતું અને આમ છતાં ત્યાંથી મશીનની ડિલિવરી ન આપતા વાહન પરત બોલાવી તેના પણ ભાડા પેટે છ હજાર આપ્યા હતા ફરિયાદી ભાર્ગવભાઈએ પોલીસ કમિશ્નરને અરજી કરી હતી જેથી આરોપી દંપતીએ ૯૦ હજાર પરત ચૂકવ્યા હતા.ત્યારબાદ ચૂકવવાના બાકી ૨.૧૦ લાખ તેઓએ પરત નહીં આપતા અંતે કુવાડવા રોડ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટમાં જમાઈના ઘરે આરામ કરવા આવેલા સાસુનું હૃદય બેસી ગયું

### ઊંઘમાં પ્રોઢા રાત્રે સુતા બાદ સવારે નહિ ઉઠતા સારવારમાં ખસેડાયા પણ આંખ ન ખુલી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરમાં હૃદય રોગના હુમલાના બનાવો વધી રહ્યા છે. ત્યારે ત્યારે શહેરમાં વધુ એક બનાવ સામે આવ્યો છે.

જામનગર રોડ પર ગાયત્રી નગરમાં જમાઈ ના ઘરે આરામ કરવા ગયેલા પ્રૌઢા રાત્રે સુતા બાદ સવારે ઉઠયા જ ન હતા જ હાર્ટએટેક આવી જતા મોત નીપજ્યુ.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા રોડ પર આનંદનગર કોર્લીનીમાં રહેતા રંજનબેન રાજેશભાઈ જોશી (ઉ.વ.૫૯)નામના પ્રૌઢા જામનગર રોડ ગાયત્રીનગરમાં રહેતા તેના જમાઈ હીરેનભાઈના ઘરે હતા ગતરાત્રે સુતા બાદ સવારે તેઓ ઉઠયા ન હતા જેથી પરિવાર જનો દ્વારા તેમને બેભાન હાલતમાં સારવ-ાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા ફરજ પરના તબીબોએ તેને જોઈ તપાસી મરણ ગયાનુ જાહેર કર્યુ હતુ. આ અંગે ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક રંજનબેનના પતિ અને પુત્ર હયાત ન હોય તેમને સંતાનમાં બે પુત્રી છે. તેઓ બિમાર હોવાથી જમાઈના ઘરે આરામ કરવા ગયા હતા. દરમિયાન રાત્રીના સમયે ઉઘમાં જ હાર્ટએટેક આવી જતા મોત થયાનુ જાણવા મળ્યુ છે

# આણંદપર નવાગામ બ્રિજ પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ છતાં આદેશનો ઉલાળીયો

### વડોદરાના ગંભીરા બ્રિજ જેવી દુર્ઘટના બને તે પહેલા તંત્રએ કુંભકર્ણની નિંદ્રામાંથી જાગવું જરૂરી






**મુખ્ય સમાચાર, રાજકોટ**


ગાંધીનગર ડિઝાઇન સર્કલની વિઝીટમાં આ પુલ ક્રિટિકલ નહીં પરંતુ પુઅર કન્ડિશનમાં હોવાનો રિપોર્ટ આવ્યા બાદ ૧૨ જુલાઈએ બેરિકેટિંગ કરી ગડર મૂકી ભારેવાહનો માટે પ્રવેશબંધી કરાઇ હતી આ પુલને નવો બનાવવા માટે દરખાસ્ત પણ કરી દેવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું

રાજકોટના આણંદપર નવાગામ ખાતે આવેલો ૧૦૦ વર્ષ જુનો પુલ છેલ્લા ઘણા સમયથી નબળી સ્થિતિમાં છે, જેને લઈને માર્ગ અને મકાન વિભાગ દ્વારા પંચાયત હસ્તકના પુલ પર ભારે વાહનો માટે અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

પરંતુ આ પ્રતિબંધ માત્ર કાગળ પર સીમિત રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આ ઉપરાંત તંત્ર દ્વારા મૂકવામાં આવેલા બેરીકેટ્સ તોડી પાડવામાં આવ્યા છે અને હવે ભારે વાહનો બેરોકટોક પસાર થઈ રહ્યા છે. સૌથી મહત્વનું છે કે અહીં જાહેર ચેતવણી બોર્ડ પણ લગાવવામાં આવ્યું છે પરંતુ તેની અમલવારી થતી નથી. તેમજ ભારે વાહનો પસાર ન થાય તે માટે લોખંડના ગડર બેરીકેટ લગાવ્યા છે તે પણ તોડી પાડવામાં આવ્યા છે. હવે પ્રશશ્ન એ ઊભો થાય છે કે આ બેરીકેટ કોના ઈશારે તોડાયા? શું તંત્રની આમાં મૌન સહમતિ છે? કે પછી તંત્ર વડોદરાના ગંભીરા બ્રિજની જેમ કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે? શું કોઈનો ભોગ લેવાશે પછી જ તંત્ર જાગશે? ત્યારે આ પુલ જર્જરીત હોવા છતા પણ રોજ હજારોની સંખ્યામાં વાહનચાલકો પસાર થઈ રહ્યા છે. તંત્ર પાસે હજુ પણ સમય છે, તાકીદે કોઈ નિરાકરણ લાવવું જોઈએ, નહીં તો લોકોના ધૈર્યનો સાંધો તૂટશે અને જવાબદારો સામે જનઆક્રોશ ઉભો થશે એ નક્કી છે.

ઉલ્લેખનીય છે કે વડોદરાના ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ રાજ્ય સરકારે રાજ્યના તમામ મેજર-માઈનોર પુલની ચકાસણી કરવા આદેશ આપ્યો હતો જેમાં આ પુલ નબળી સ્થિતિમાં હોવાનું બહાર આવ્યુ હતું. ગાંધીનગર ડિઝાઈન સર્કલ દ્વારા આ પુલની મરામત કરવા માટે પણ સૂચના આપવામાં આવી હોય પ્રથમ તબકે જેકેટિંગ અને પ્લાસ્ટર કરવામાં આવશે. સાથે જ આ પુલને નવો બનાવવા માટે દરખાસ્ત પણ કરી દેવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મનપાની દબાણ હટાવ શાખા દ્વારા રૂ.૮,૧૦,૦૧૫નો વહીવટી ચાર્જ વસુલ કરાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તારીખ.૧૪/૦૮/૨૦૨૫ થી ૩૧/૦૮/૨૦૨૫ દરમ્યાન રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જ્યુબેલી મવડી બ્રિજનીચે રેલ્વે લાઈન,આનંદ બંગલા ચોક,રામનાથ પરા,કરણપાર્ક,રૈયા રોડ,નંદનવન પાર્ક,રવિવારી આજીડેમ,કોઠારીયા રોડ,મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી રસ્તા પર નડતર રૂપ ૫૩ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.

જ્યુબેલી,જામનગર રોડ,હેમુગઢવી હોલ,જંક્શન રોડ,ગાયત્રીનગર મે.રોડ, ઢેબર રોડ,જંક્શન રોડ,કૃષ્ણનગર મે.રોડ,રૈયા રોડ,૧૫૦ ફુટ રોડ,કાલાવાડ રોડ,નાણાવટી ચોક,ભીમનગર રોડ,યુનિ.રોડ,કોઠારીયા રોડ,ધરાર માર્કેટ,મોરબી રોડ સેટેલાઈટ ચોક પરથી જુદીજુદી અન્ય ૫૫૦ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ.

જામનગર રોડ,લક્ષ્મિનગર, જ્યુબેલી,યુનિ.રોડ,કોટેચા ચોક થી આકાશવાણી ચોક સુધી,ધરાર માર્કેટ,કેસરી પુલ,પારેવડી ચોક,કોઠારીયા રોડ,મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી ૨૨૪૮ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ. કોઠારીયા રોડ,સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ,પુષ્કરધામ મેઈન રોડ,,યુનિ.રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ,મવડી વિસ્તાર,સ્વામીનારાયાણ ચોક,ઢેબર રોડ,સોરથીયાવાડી પાસે થી રૂ.૨,૫૫,૦૦૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

૮૦ફુટ રોડ,પારેવડી ચોક,સંતકબીર રોડ,ધરાર માર્કેટ,કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ,કુવાડવા રોડ૮૦ફુટ રોડ,અર્ટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોકપરથી રૂ.૫,૫૫,૦૧૫/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

જામનગર રોડ,જલારામ ચોક,જંક્શન પ્લોટ,રેસકોર્ષ રોડ,યુનિ.રોડ,૧૫૦ ફુટ રોડ,નાણાવટી ચોક,સાધુવાસવાણી રોડ, પટેલ કન્યા છાત્રાલય,કોઠારીયા રોડ,સેટેલાઈટ ચોક પરથી ૬૩૫ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે

# લોધિકામાં નાયબ મામલતદાર સાથે મારકૂટ કરનાર ઓપરેટરની હકાલપટ્ટી

**મુખ્ય સમાચાર રાજકોટ**

લોધિકાની મામલતદાર કચેરીમાં શુક્રવારે નાયબ મામલતદાર સાથે બોલાચાલી કર્યા બાદ મારકૂટ કરનાર ઓપરેટરને તાકીદની અસરથી હકાલપટ્ટી કરવામાં આવી છે. જોકે રાજકીય પીઠબળ ધરાવતા ઓપરેટર સામે કોઈ કાર્યવાહી નહીં કરવા તંત્ર ઉપર પ્રેસર કરવામાં આવ્યું હતું પરંતુ સરકારી તંત્ર પ્રેસર સામે ટસના મસ થયા વગર ૮ વર્ષથી એક જ કચેરીમાં ફરજ બજાવતા ઓપરેટરને આજે મંગળવારથી જ કચેરીમાંથી રૂખસદ કરી દેતા ઓપરેટરોમાં સોંપો પડી ગયો હતો.

બન્ને વચ્ચે પ્રથમ બોલાચાલી થઈ હતી. તે પછી રિક્ષામાં ઘરે જતા નાયબ મામલતદારને આંતરી કારમાં આવેલા ચાર-પાંચ લોકોએ બેફામ મારમાર્યો હતો.

તે પછી સોમવારે નાયબ મામલતદારે કચેરીમાં આવી મારકૂટની ઘટનાની જાણ કરી પોલીસ ફરિયાદ કરવાનું કહેતા ઓપરેટર સાજીદને પોલીસ ફરિયાદની ખબર પડી જતા તે કચેરીમાંથી નાયબ મામલતદારને સમાધાન કરવું છે તેમ કહી લઈ ગયો હતો બાદમાં નાયબ મામલતદાર ત્રણ-ચાર કલાક સુધી લાપતા બની ગયા હતા. તેમનો મોબાઈલ ઉપર સંપર્ક નહીં થતા રાજકોટ અને લોધિકાના સરકારી કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. બાદમાં મોડીસાંજના નાયબ મામલતદાર પોતાના ઘરે જ મળી આવતા તંત્રએ રાહતનો દમ લીધો છે અને મારકૂટ કરનાર ઓપરેટરને ફરજમુક્ત કરવામાં આવ્યો છે.

શુક્રવારે બપોર પછી નાયબ મામલતદાર અરજદારના નિવેદન નોંધતા હોય તે દરમિયાન ઓપરેટર સાજીદ આદમાણીએ નાયબ મામલતદારની મજાક-મશ્કરી કરી હતી ત્યારે અરજદારની હાજરીમાં મશ્કરી નહીં કરવાનું નાયબ મામલતદારે કહેતા

# રાજકોટ જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૫ના રોજ યોજાશે

### તાલુકા કક્ષાનો કાર્યક્રમ તા. ૨૪મીએ મામલતદાર કચેરીએ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ (સ્વાગત) કાર્યક્રમ તારીખ ૨૫. સપ્ટેમ્બરનાં રોજ યોજાશે. આ ઉપરાંત તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ સબંધકર્તા મામલતદાર કચેરી ખાતે યોજાશે.

જિલ્લા કક્ષા માટે તા. ૧૦ સપ્ટેમ્બર સુધીમાં સંબંધિત ખાતા-વિભાગોની જિલ્લા કક્ષાની કચેરીનાં વડાને નાગરિકો ફરિયાદો-પ્રશ્નો મોકલી શકશે.

તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અંગેના પ્રશ્નો બે નકલમાં મોકલવાના રહેશે. અરજદારઓએ સબંધકર્તા મામલતદારને તારીખ ૧૦ સપ્ટેમ્બર સુધીમાં પ્રશ્નો મોકલી આપવાનાં રહેશે. જિલ્લાનો સપ્ટેમ્બર માસનો સ્વાગત કાર્યક્રમ તા.૨૫/૦૯/૨૦૨૫ના રોજ સવારે ૧૦૩૦ વાગ્યે જિલ્લા કલેક્ટર કચેરી, ત્રીજા માળે સભાખંડમાં યોજાશે. વધુ જાણકારી માટે ફોન નં. ૦૨૮૧ ૨૪૪૭૭૬૯૦થી ૬૪ પર સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# આર.ટી.ઓ. દ્વારા મોટર વાહનોની નવી જી.જે.૦૩. બી.ઝેડ, જી.જે.૦૩.સી.યુ. સિરીઝનું ઈ-ઓક્શન કરાશે

### ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા ઈચ્છુક વાહનધારકોએ અરજીઓ કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી-રાજકોટ દ્વારા મોટર વાહનો માટેની જી.જે. ૦૩ બી.ઝેડ, જી.જે.૦૩.સી.યુ. સિરીઝની ઈ-ઓક્શનની પ્રક્રિયા તા.૦૮ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવશે.

આર.ટી.ઓ.ની યાદીમાં જણાવાયું છે કે, નવી સિરીઝના ગોલ્ડન-સિલ્વર કે પસંદગીના નંબર મેળવવા ઈચ્છુક વાહનચાલકો તેમના વાહનોનું www.parivahan.gov.in/ fancy પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરીને ઈ-ઓક્શનમાં ભાગ લઈ શકશે. આ માટે તા.૦૮/૦૯/૨૦૨૫થી તા.૧૦/૦૯/૨૦૨૫ સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે. તા.૧૦/૦૯/૨૦૨૫થી તા.૧૨/૦૯/૨૦૨૫ના સાંજે ચાર કલાક સુધીમાં ઓનલાઈન ઓક્શન બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા.૧૩/૦૯/૨૦૨૫ના રોજ કચેરીમાં ફોર્મ જમા કરાવવાના રહેશે.

વાહન વેચાણ તારીખથી સાત દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરેલું હોવું ફરજિયાત છે. સમયમર્યાદા બહારની અરજી ધ્યાને લેવાશે નહીં તેમ યાદીમાં જણાવાયું છે.

# ટેકાના ભાવે જણસી વેચવા માગતા ખેડૂતો ૧૫મી સપ્ટેમ્બર સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે અને ઉપજોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ ખરીફ સિઝનમાં મગફળી, મગ, અડદ, સોયાબીન ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન કર્યું છે. આ માટે ખેડૂતો ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવી શકશે.

જિલ્લા ખેતીવાડી અધિકારી.ની યાદીમાં જણાવાયું છે કે, ટેકાના ભાવના વેચાણ માટે ખેડૂતો ઓનલાઈન નોંધણી જાતે કરી શકે છે અથવા ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે વી.સી.ઈ. તેમજ ગ્રામ્ય કક્ષાની સહકારી મંડળીઓ મારફતે વિનામૂલ્યે નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર કરાવવાની રહેશે. આ માટે જરૂરી ડોક્યુમેન્ટ ગામનો નમૂનો ૮-અ, તલાટીનો વાવેતર અંગેનો દાખલો અથવા ૭-૧૨, આધાર કાર્ડની નકલ, બેન્ક પાસબુકના પ્રથમ પાનાની નકલ (આઈ.એફ.એસ.સી. કોડ સાથે) જોડવાના રહેશે. વધુ માહિતી માટે ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રિનિયર (વી.સી.ઈ.) અથવા ગ્રામસેવક તથા તાલુકા કક્ષાએ ટી.એલ.ઈ.નો સંપર્ક કરી શકાશે.

# રાજકોટ ડિવિઝનના ભાટીયા, રફાળેશ્વર અને ઓખામઢી સ્ટેશનો પર ૫ ટ્રેનો ના સ્ટોપેજ ૮ સપ્ટેમ્બરથી પુનઃ બહાલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે રાજકોટ ડિવિઝનના ભાટીયા, રફાળેશ્વર અને ઓખામઢી સ્ટેશનો પર ૫ ટ્રેનોના સ્ટોપેજને ૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ફરીથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિગત નીચે મુજબ છે

૧) ટ્રેન નંબર ૧૯૫૬૬ દેહરાદૂન-ઓખા ઉત્તરાંચલ એક્સપ્રેસનો ભાટીયા સ્ટેશન પર સ્ટોપેજ ટ્રેન નંબર ૧૯૫૬૬ દેહરાદૂન-ઓખા ઉત્તરાંચલ એક્સપ્રેસનો ૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ભાટીયા સ્ટેશન પર ૧૦.૪૫ વાગ્યે આગમન અને ૧૦.૪૭ વાગ્યે પ્રસ્થાનનો સમય રહેશે.

૨) ટ્રેન નંબર ૭૯૪૪૧/૭૯૪૪૨ મોરબી-વાંકાનેર-મોરબી ડેમુનો રફાળેશ્વર સ્ટેશન પર સ્ટોપેજ ટ્રેન નંબર ૭૯૪૪૧ વાંકાનેર-મોરબી ડેમુનો ૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી રફાળેશ્વર સ્ટેશન પર ૦૭.૨૨ વાગ્યે આગમન અને ૦૭.૨૩ વાગ્યે પ્રસ્થાનનો સમય રહેશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૭૯૪૪૨ મોરબી-વાંકાનેર ડેમુનો ૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી રફાળેશ્વર સ્ટેશન પર ૦૮.૦૬ વાગ્યે આગમન અને ૦૮.૦૭ વાગ્યે પ્રસ્થાનનો સમય રહેશે.

૩) ટ્રેન નંબર ૧૯૨૦૯/૧૯૨૧૦ ભાવનગર-ઓખા એક્સપ્રેસનો ઓખામઢી સ્ટેશન પર સ્ટોપેજ ટ્રેન નંબર ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસનો ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ઓખામઢી સ્ટેશન પર ૦૮.૨૯ વાગ્યે આગમન અને ૦૮.૩૦ વાગ્યે પ્રસ્થાનનો સમય રહેશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસનો ૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ઓખામઢી સ્ટેશન પર ૧૬.૧૩ વાગ્યે આગમન અને ૧૬.૧૪ વાગ્યે પ્રસ્થાનનો સમય રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના વિશેની વિસ્તૃત માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન ખાતે અવેરનેસ પોગ્રામ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના શાપર (વેરાવળ) ગામ ખાતે આવેલા શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન દ્વારા એપ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન, શાપર (વેરાવળ) પોલીસ સ્ટેશન અને આઇ.ટી.આઇ.ના સહયોગથી તા. ૦૪ સપ્ટેમ્બરને બપોરે ૩.૩૦ કલાકે અવેરનેસ પોગ્રામ યોજવામાં આવશે. શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના, ટ્રાફિક-સાયબર ક્રાઈમ અને મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંગે જાણકારી આપવામાં આવશે.

# વિચરતી-વિમુક્ત જાતિના મુક્તિ દિવસની ઉજવણીના ભાગરૂપે "સમાજ શિક્ષણ શિબિર"નું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની જિલ્લા નાયબ નિયામક વિકસતી જાતિની કચેરી દ્વારા તા.૩૧ ઓગસ્ટના રોજ રાજકોટના બહુમાળી ભવન-૨ના કોન્ફરન્સ હોલ ખાતે વિચરતી-વિમુક્ત જાતિના મુક્તિ દિવસની ઉજવણી "સમાજ શિક્ષણ શિબિર" યોજીને કરાઈ હતી.

સરકારની વિચરતી-વિમુક્ત જાતિના લોકો માટે બાલ વાટીકાથી વિદેશ અભ્યાસ લોન સુધીની શિષ્યવૃત્તિ યોજનાઓ, કુંવરબાઈનું મામેરૂ, જાતિ પ્રમાણપત્રો, આવાસ, સહિતની યોજનાઓની માહિતી જિલ્લા નાયબ નિયામક ડી.એ.પીપરીયાએ ઉપસ્થિત સર્વેને આપી હતી. તેમજ વિચરતી વિમુક્ત જાતિ વિકાસ નિગમની સ્વરોજગાર લક્ષી લોન તેમજ શૈક્ષણિક અભ્યાસ લોન અંગેની પણ માહિતી આપવામાં આવી હતી. આ શિબિરમાં કુરિવાજો અને અંધશ્રધ્ધાઓ દુર કરવા, શિક્ષણ, લોકોને એક જગ્યાએ કાયમી સ્થાયી થવા વગેરે બાબતોમાં જાગૃતિ લાવવા માટે અપીલ કરવામાં આવી હતી. પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ યોજનાના બીજા હપ્તાના લાભાર્થીઓને હુકમ વિતરણ કરવામાં આવ્યા હતા. વિચરતી-વિમુક્ત જાતિના આગેવાનશ્રીઓ અને લાભાર્થીઓનું નાયબ નિયામકનું શબ્દોથી સ્વાગત એન.એસ.પરમાર દ્વારા કરવામા આવ્યું હતું. ત્યાર બાદ વિચરતી-વિમુક્ત જાતિના આગેવાનઓને પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. અને કાર્યક્રમની આભાર વિધિ નાયબ નિયામક ડી.એ.પીપરીયાએ કરી હતી.

વિચરતી- વિમુક્ત જાતિના પધારેલ આગેવાનો સર્વે બાબુભાઈ માટિયા, સુરેશભાઈ પરમાર, કાંતિભાઈ પરમાર, રમેશભાઈ ચુડાસમા, ગોપાલભાઈ રાવળ, શ્રી કનુભાઈ નબજાણીયા, વિચરતી સમુદાય મંચના પ્રતિનિધિ નરેશભાઈ સમેચા, નરેશભાઈ થાનિયા, વિચરતી-વિમુક્ત જાતિના લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલમાં મહિલાને લગ્નની લાલચ આપી પ્રેમીએ વારંવાર આચર્યું દુષ્કર્મ

### બીજી બાજુ ભોગ બનનારના સાક્ષી સાથે સુલતાનપૂરના પી.આઈએ ગેરવર્તન કરી મારમાર્યાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ તાલુકાના સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં એક પરિણીતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, કમઢીયા ગામના પરિણીત શખ્સ રાહુલ વિનોદભાઈ ભાલાળાએ તેને લગ્નની લાલચ આપી હતી. આ લાલચમાં ફસાવીને રાહુલ તેને ભગાડી ગયો અને કેશવાળા ગામના પાટીયા પાસે આવેલા એક ગેરેજની પાછળ સુમસામ જગ્યાએ તેની સાથે ત્રણથી ચાર વખત દુષ્કર્મ આચર્યું હતું. ફરિયાદી મહિલાએ પોતાની આપવીતીમાં જણાવ્યું કે, આરોપી રાહુલ તેના પતિનો મિત્ર હોવાથી અવારનવાર તેમના ઘરે આવતો હતો. છેલ્લા ચાર મહિનાથી બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. આરોપી રાહુલ ભાલાળા અને તેના મિત્ર હાર્દિક ઉર્ફે ધમાભાઈ જેન્તીભાઈ ચાવડા, મહિલાને મોટરસાયકલ પર બેસાડીને પહેલા સાણથલી અને બાદમાં કેશવાળા ગામના પાટીયા પાસે લઈ ગયા હતા. અહીં જ રાહુલે લગ્નની લાલચ આપીને પરિણીતા સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા..આમ, લગ્નના વચનમાંથી ફરી જઈને શારીરિક શોષણ કરવા બદલ પીડિતાએ આખરે હિંમત દાખવી સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે મુખ્ય આરોપી રાહુલ વિનોદભાઈ ભાલાળા અને તેને ભગાડવામાં મદદ કરનાર મિત્ર હાર્દિક ઉર્ફે ધમાભાઈ ચાવડા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા બી.એન.એસની કલમ ૬૯ (લગ્નના બહાને જાતીય સંબંધ) અને કલમ ૫૪ (અપહરણમાં મદદગારી) હેઠળ ગુનો નોંધીને બંને આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા.તો બીજી બાજુ ભોગ બનનાર પરણીતાના સાક્ષીનુ નિવેદન નોંધવા માટે સ્થળ પર દિનેશભાઈ ડાભીને બોલાવી પોલીસે આરોપી જેવું વર્તન કરી બેફામ મારમાર્યો હોવાનો આક્ષેપ કરી ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ દાખલ થયો હોવાની વિગતો પ્રકાશમાં આવતાં પોલીસ કામગીરી સામે અનેક સવાલો ઉઠવા પામ્યા હતા ત્યારે ભોગ બનનારના સાક્ષીએ ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાં સુલતાનપુર પી.આઈ.જે એ ખાચર સહિતના પોલીસ વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરી છે

# રાજકોટ જિલ્લામાં સાર્વજનિક-જાહેર સ્થળોના લખાણોમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવા સૂચના

ગુજરાત રાજ્યના સર્વ સરકારી અને ખાનગી માલિકીના સાર્વજનિક અને જાહેર સ્થળોએ લખેલા લખાણોમાં ગુજરાતી ભાષાનો ફરજિયાત ઉપયોગ કરવા અંગે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તરફથી સૂચના જારી કરવામાં આવી છે. જે મુજબ, રાજકોટ જિલ્લામાં પણ સરકારી કચેરીઓ, સંકલન સમિતિના અધિકારીઓને તેનું પાલન કરવા કલેક્ટર તંત્ર તરફથી જણાવવામાં આવ્યું છે.

# પીજીવીસીએલમાં ચાર અધિકારીઓની બઢતી-બદલી

### કોર્પોરેટમાં પ્રોજેક્ટ વિભાગના આર.જે. વાળાની વડોદરા બદલી, બે ડે. ઈજનેર એક્ઝિક્યુટિવ ઈજનેર બન્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની કોર્પોરેટ ઓફિસ દ્વારા મંગળવારે બઢતી બદલીના હુકમ કરવામાં આવ્યા હતા. ચાર અધિકારીઓને બઢતી-બદલી આપવામાં આવી છે જેમાં કોર્પોરેટ કુરમાં પ્રભુ આવળની વડોદરા બદલી કરી ડેપ્યુટેશનમાં મુકાયા છે. સાથે જ બે ડે. ઈજનેરને એક્ઝ્યુકેટિવ ઈજનેર તરીકે બઢતી આપવામાં આવી છે. રાજકોટ પીજીવીસીએલ કચેરીમા સ્માર્ટ મીટર સહિતની મહત્વની કામગીરી કરતા પ્રોજેક્ટ વિભાગના આર. જે.વાળાને વડોદરા જીયુવીએનએલમાં ટેકિન્કલ ઈજનેર તરીકે ડેપ્યુટેશનમાં મોકલવામાં આવ્યા છે, તેમનો ચાર્જ કે.બી.શાહને સોપવામાં આવ્યો છે. સાથે જ એક્યુકેટિવ ઈજનેર જે.એસ.દહિયાને સુપ્રિન્ટેન્ડેનિંગ ઈજનેર તરીકે બઢતી આપી અમરેલી ખાતે બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત રાજકોટ કોર્પોરેટ કચેરીના ડેપ્યુટી ઈજનેર બી.એલ.ટાંકને રાજકોટ ખાતે તેમજ ભાવનગર ફરજ બજાવતા પી.જી. ક ણઝારીયાને એયુકેટિવ ઈજનેર તરીકે પ્રમોશન આપી મોરબી ખાતે બદલી કરવામ આવી છે.

# પોરબંદર-સિકંદરાબાદ એક્સપ્રેસ ટ્રેન ૨૮ ઓક્ટોબરથી ઉમદાનગરને બદલે સિકંદરાબાદ સુધી જશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ સ્ટેશન પર ચાલી રહેલા સ્ટેશન પુનઃવિકાસ કાર્યને કારણે રાજકોટ ડિવિઝન થઈને જતી પોરબંદર-સિકંદરાબાદ-પોરબંદર સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેનને અસ્થાયી રૂપે ઉમદાનગર સુધી ચલાવવામાં આવી રહી હતી. હવે આ ટ્રેનને તેના પૂર્વ નિર્ધારિત ટર્મિનલ સ્ટેશન મુજબ સિકંદરાબાદ સુધી ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિગત આ મુજબ છે

૧. ટ્રેન નંબર ૨૦૯૬૮ પોરબંદર-સિકંદરાબાદ સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન ૨૮.૧૦.૨૦૨૫ થી પોરબંદર સ્ટેશનથી દર મંગળવારે ૦૧.૧૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૮.૦૦ વાગ્યે સિકંદરાબાદ સ્ટેશન પહોંચશે. (૨) પરત મુસાફરીમાં, ટ્રેન નંબર ૨૦૯૬૭ સિકંદરાબાદ-પોરબંદર સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન ૨૯.૧૦.૨૦૨૫ થી દર બુધવારે સિકંદરાબાદ સ્ટેશનથી ઉપડશે. આ ટ્રેન સિકંદરાબાદ સ્ટેશનથી બપોરે ૧૫.૧૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે રાત્રે ૨૧.૫૦ વાગ્યે પોરબંદર સ્ટેશન પહોંચશે.

# નવસારીમાં માતાએ ચાર અને અઢી વર્ષની દીકરીઓ સાથે નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો

### બહાર જવાનું કહી ઘરેથી ત્રણ દિવસ અગાઉ જ નીકળી ગયા હતા પરિવારમાં આક્રંદ



**મુખ્ય સમાચાર, નવસારી**

વર્તમાન સમયમાં લોકોની સહનશક્તિ સતત ઘટી રહી છે. લોકો આક્રમક અને ધુની બની રહ્યા છે. રાજ્યમાં સામુહિક આપઘાતની ઘટના છાશવારે બની રહી છે. નવસારીમાં માતાએ બે દિકરીઓ સાથે નદીમાં છલાંગ લગાવી આપઘાત કર્યો છે. જેમાં ત્રણેયના મૃતદેહો મળ્યા છે. છેલ્લા એક મહિનામાં સામુહિક આપવાતની આ ચોથી ઘટના સામે આવી છે. આ બનાવથી સજાગ્ર રાજ્યમાં ચકચાર મચી જવા પામી છે. નવસારી શહેરમાં એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. ૨૮ વર્ષીય મહિલા બે દિવસ પહેલાં ઘરેથી નીકળી ગઈ હતી. એ બાદ તેણે પોતાની બે નાની દીકરી સાથે પૂર્ણા નદીમાં કૂદીને આપઘાત કર્યો છે, જે ત્રણેયના મૃતદેહ મળ્યા છે. માતા તેની બન્ને પુત્રીઓ સાથે બહાર જઈ રહી હોવાનું એક CCTVમાં જોવા મળ્યું છે. પોલીસે હાલ સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.સમગ્ર ઘટનાને વિગતવાર જોઈએ તો મહિલા ખેવના હાદિક નાયક અને તેની બે દીકરી ૪ વર્ષીય ધિયા નાયક અને અઢી વર્ષીય દ્વિજા નાયક ૩૧મી ઓગસ્ટથી ઘરેથી ગાયબ હતાં. બંને બાળકીના મૃતદેહ અલગ-અલગ સ્થળેથી મળ્યા હતા. એક બાળકીનો મૃતદેહ વિરાવળથી અને બીજીનો જલાલપોરમાં આવેલા સંતોષી માતાના મંદિર પાસેના ઓવારેથી મળ્યો હતો. આજે માતા ખેવનાનો પણ મૃતદેહ કરાડી ગામ પાસેથી વહેતી પૂર્ણા નદીમાંથી મળ્યો છે. આ સામૂહિક આપઘાતની ઘટનાએ સમગ્ર નવસારી શહેરમાં ચકચાર મચાવી દીધી છે. ગ્રામ્ય અને જલાલપોર પોલીસે આ કેસની તપાસ શરૂ કરી છે. પોલીસ આપવાત પાછળનાં કારણોની તપાસ કરી રહી છે. આ ઘટના અંગે વધુ તપાસ ચાલુ છે.

આ ઘટના બનતા પરિવારજનોમાં પણ આક્રંદ ફેલાયો છે તમામ મૃતદેહોનો કબ્જો લઈ પોલીસે પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે. નવસારી પંથકમાં બનેલા આ બનાવથી લોકો પણ હતપ્રત બની ગયા છે.

# રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં અનેક ચોરીઓને અંજામ આપનાર શીકલીગર ગેંગનો સાગરીત ઝડપાયો

**મુખ્ય સમાચાર, જેતપુર**



જેતપુર બસ સ્ટેન્ડ પાસેથી શીકલીગર ગેંગના સાગરીતને રૂરલ એલસીબીની ટીમે દબોચી લઈ જેતપુર અને ઉપલેટામાં થયેલી ચાર ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો હતો. રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિહ ગુર્જર દ્વારા મિલકત સંબંધી ગુના જેવા કે ઘરફોડ ચોરી, વાહન ચોરી, લુટ, ચિલઝડપ સહિતના અનડિટેક્ટ ગુનાઓ શોધી કાઢવાની આપેલ સૂચનાથી રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી.ગોહિલ તેમજ આર.વી. ભીમાણી ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં. ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, હરેશભાઈ પરમાર,નિલેશભાઈ ડાંગર અને રાજુભાઈ સાંબડાને મળેલી સંયુક્ત બાતમીના આધારે જેતપુર શહેર બસ સ્ટેન્ડ પાસેથી શીકલીગર ગેંગના સભ્યને પકડી પાડી અલગ અલગ ચાર ચોરીના ગુના ડિટેક્ટ કરવામાં આવ્યા હતા.રૂરલ એલસીબી ટીમે કતારસિંગ ઈશ્વરસિંગ ટાંક (રહે. મહેમદાબાદ રેલવે સ્ટેશન પાસે, શિખવાડ, મહેમદાબાદ, ખેડા)ની ધરપકડ કરી ઉપલેટા પોલીસ મથકમાં નોંધાયેલ બે ચોરી અને જેતપુર સીટી પોલીસ મથકમાં નોંધાયેલી અન્ય બે ચોરી મળી કુલ ચાર ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. ઝડપાયેલા શખ્સ વિરુદ્ધ નડિયાદ અને આણંદ રૂરલ પોલીસ મથકમાં ચોરી સહિતના ત્રણ ગુના નોંધાઈ ચૂક્યા હોવાનું ખુલવા પામ્યું છે.

# મોરબીમાં દવા છાંટતા સમયે ઝેરી અસરથી યુવતીનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લીલાપર રોડ નિલકમલ સોસાયટીમાં રહેતી ૨૫ વર્ષીય યુવતીનું ઝેરી દવા છાંટતા સમયે ઝેરી અસર થતાં મોરબી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું.થ મોરબી શહેરના લીલાપર રોડ સ્થિત નિલકમલ સોસાયટીમાં રહેતી અલ્પાબેન અરવિંદભાઈ જાદવ ઉવ.૨૫ નામની યુવતી પોતાના રહેણાંક મકાનમાં ઝાડવાને ઝેરી દવા છાંટતા હતા. તે દરમિયાન દવાની ગંભીર અસર થતાં તેઓ બેભાન થઈ પડ્યા હતા. જેથી પરિવારજનોએ તાત્કાલિક તેમને મોરબીની સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન અલ્પાબેનનું મૃત્યુ નિપજ્યું હતું. ત્યારે સરકારી હોસ્પિટલમાં ફરજ ઉપર હાજર ડોક્ટરે પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં મોરબી સીટી એ ડીવી પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# રાજકોટ શહેર અને જિલ્લામાં ૧૧૨ની ૫૪ જનરક્ષક વાનનું લોકાર્પણ

### જામનગરમાં ૨૭, સુરેન્દ્રનગરમાં ૪૦, મોરબીમાં ૧૭ અને દ્વારકામાં ૨૦ મળી ૧૫૮ વાહનોને લીલી ઝંડી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારની ડાયલ ૧૧૨ ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ લોન્ચ કર્યા બાદ ગુજરાત સરકારનાં નવા સ્માર્ટ પોલિસિંગ યુગની સેવા અંતર્ગત રાજકોટ શહેર અને જિલ્લામાં ફાળવવામાં આવેલ ૫૦ જેટલી જન રક્ષક વાનનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું પોલીસે કમિશ્નર બ્રજેશકુમાર ઝા સાથે રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર આ ૧૧૨ સેવા અંતર્ગત ફાળવવામાં આવેલ ૫૦ જન રક્ષક વાનને લીલીઝંડી આપી હતી. સરકાર દ્વારા આ નવા યુગની સ્માર્ટ પોલિસિંગ સિસ્ટમ તરફ નવું પગલું ભરવ-ામાં આવ્યું છે. જેમાં સુરક્ષા સંબંધિત તમામ પ્રકારની સેવા હવે એક જ નંબર ઉપર ઉપલબ્ધ થશે. ડ્રાયલ ૧૧૨ સેવા ગુજરાતના લોકોને વિવિધ પ્રકારના ટોલ ફ્રી નંબરો જેવા કે ૧૦૦,૧૦૮, ફાયર માટેના ૧૦૧, મહિલા સહાય માટે ૧૮૧, બાળ સહાય માટે ૧૦૫૮ તેમજ આપત્તી માટેના ૧૦૭૦-૧૦૭૭માંથી મુક્તિ મળશે. હવે ૧૧૨ ઉપર જ તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ૧૧૨ સેવાના જન રક્ષાના વાહનોનું આજે લોકાર્પણ થયું હતું. જેમાં શહેર અને જિલ્લામાં ફાળવવામાં આવેલા ૫૦ જેટલા વાહનોને લીલીઝંડી આપવામાં આવી હતી. લોકોને હવે કોઈપણ પ્રકારની સુરક્ષા સંબંધીત સેવા પછી ભલે તે આપત્તી હોય,બાળ કે મહિલા હેલ્પલાઈન હોય, ફાયર સર્વિસ હોડ કે પોલીસ સેવા હોય ફકત ૧૧૨ ડાયલ કરીને ખુબ ઓછા સમયમાં પુરી પાડી શકાશે. આ પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ સ્ટેટ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ૨૪ કલાક કાર્યરત રહેશે અને ૧૫૦ બેઠકોની ક્ષમતા ધરાવતું કોલ સેન્ટર દરેક સમય સજાગ રહેશે અને એક સંકલિત સિસ્ટમ દ્વારા આ તમામ પ્રકારની સેવાઓ સાથે જોડાયેલ રહેશે. રાજકોટ શહેર પોલીસ હેડકવાર્ટર ખાતેથી ૧૧૨ સેવા માટે કાર્યરત ૫૦ જનરક્ષક વાનને લીલીઝંડી આપવામાં આવી ત્યારે શહેર અને ગ્રામ્ય પોલીસ વિભાગનાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# મોરબી રોડ પર ટ્રેન અડફેટે અજાણ્યા યુવકનું મોતઃ બનાવ અકસ્માતનો કે આપઘાતનો!

### જુદા જુદા બે સ્થળે પ્રૌઢ અને વૃદ્ધનું બિમારી સબબ બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં મોરબી રોડ પર ફાયર બ્રિગેડ સામે ઓવરબ્રીજ નીચે અજાણ્યો યુવાન ટ્રેન હડફેટે ચડી જતાં મોત નિપજ્યું હતું. પોલીસે યુવકના વાલીવારસની શોધખોળ હાથ ધરી બનાવ અકસ્માતનો કે આપઘાતનો ? તે જાણવા તપાસનો દોર લંબાવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, શહેરમાં મોરબી રોડ પર ફાયર બ્રિગેડ સામે ઓવરબ્રીજ નીચે અજાણ્યો યુવાન ટ્રેન હડફેટે ચડી જતાં મોત નિપજ્યું હતું. ઘટના અંગે જાણ થતાં બી-ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે યુવકના મૃતદેહ પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પોલીસે યુવકના વાલીવારસની શોધખોળ હાથ ધરી બનાવ અકસ્માતનો કે આપઘાતનો ? તે જાણવા તપાસનો દોર લંબાવ્યો હતો. આ ઉપરાંત અન્ય બનાવમાં જીવરાજ પાર્કમાં પ્રૌઢા અને ગાંધીગ્રામમાં વૃધ્ધનું બેભાન હાલતમાં મોત નિપજ્યા હોવાના બનાવ સામે આવ્યા છે. જેમાં જીવરાજ પાર્ક શ્યામલ સ્કાયમાં રહેતા વર્ષાબેન કિરણભાઈ છલ્લા (ઉ.૫૯) અને ગાંધીગ્રામમાં આવેલ શાહનગરમાં રહેતા રવજીભાઈ જેઠાભાઈ બોરીચા (ઉ.૬૦)નું બિમારી સબબ બેભાન હાલતમાં મોત નિપજ્યું હતું. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# નવાગામ આણંદપરમાં પાણી ઢોળવા બાબતે પરિણીતાને પતિ અને દિયર-દેરાણીએ માર માર્યો

### માવતરેથી સમજાવવા આવેલા ભાઈને પણ માર માર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

નવાગામ આણંદ પરમાં રહેતા બિંદુબેન નારણભાઈ બટુકભાઈ સોલંકી (ઉ.વ.૪૦) એ પોતાની ફરિયાદમાં દિયર ભાવેશ બટુકભાઈ,દેરાણી હીનાબેન અને પતિ નારણભાઈ બટુકભાઈનું નામ આપતા તેમની સામે કુવાડવા રોડ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

બિંદુબેને ફરિયાદમાં જણાવ્યું હતું કે,તા.૦૧/૦૯ના રોજ સવારના અમારા ઘરનાફળીયામાં કપડા ધોતી હતી અને મારા પતિ નારણભાઈ ઉપરના માળે હતા.ત્યારે મારા દિયર ભાવેશભાઈ તેના રૂમમાંથી બહાર આવેલ અને મને કહેલ કે તમે અહીં કેમ પાણી ઢોળો છો તેમ કહીને મારી સાથે બોલાચાલી ઝઘડો કરવા લાગેલ હતા.જેથી બાદમાં હુ કપડા ધોઈને ઉપર જતી રહેલ પરંતુ દિયર ભાવેશભાઈ અને દેરાણી હિનાબેન બન્ને નીચેથી રાડો પાડીને બોલતા હતા જેથી તેઓને સમજાવવા માટે હું નીચે ફળીયામાં ગયો હતો.

ત્યારે દિયર ભાવેશભાઈ લોખંડનો પાઈપ અને મારી દેરાણી હિનાબેન લાકડાનો ધોકો લઈને તેના રૂમમાંથી બહાર આવી બન્ને પોતાના હાથમાં રહેલ ધોકા પાઈપ વડે મને શરીરે માર મારવા લાગેલ હતા.બાદમાં પતિ ઉપરથી નીચે ફળીયામાં આવેલ અને મને પીઠના ભાગે હાથ વડે મને બે ઢીકકા મારી મૂંઢ ઈજા પહોંચાડી ઉપરના માળે રૂમમાં જવાનુ કહેતા હુ રૂમમાં જતી રહેલ જ્યાં મે ગોંડલ ખાતે રહેતા મારા પરિવારને જાણ કરતા તેઓ મારા ઘરે મને તથા મારા પતિ અને દિયર દેરાણીને સમજાવવા માટે આવેલ હતા. બાદમા જયાં અમો બધા સમાધાનની વાતચીત કરતા હતા.ત્યાં હાજર સભ્યોમાંથી મારા નણંદ પ્રભાબેનનો દિકરો ગોવિંદ એકદમ ઉશ્કેરાઈ ગયો અને ત્યાં પાસે રહેલ ગેસની નળી વડે મારાભાઈ જયેશભાઈને કમરના ભાગે મારી દીધું હતું.જેથી અમે બધા સમાધાન કરવાનુ પડતુ મૂકીને ત્યાંથી મારા હાથની સારવાર કરાવવા સિવિલ હોસ્પિટલ જતા રહ્યા હતા.આ ઘટના મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શહેરમાં વધુ એકવાર લુખ્ખાઓનો આતંકઃ ગોંડલ રોડ પર નજીવી બાબતે યુવક પર પાઇપ અને છરી વડે હુમલો

## સરાજાહેર થયેલા હુમલાનો વિડીયો વાયરલ થતા પોલીસ હરતમાં આવીઃ એક્ટિવા અને બાઇક સવાર ચાર શખ્સોની શોધખોળ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પોલીસનો જાણે કોઈ ડર જ ન હોય તેમ એકાતરા બે દિવસે જાહેરમાં છરી વડે ઉગામી આતંક મચાવતા હોવાની ઘટના બનતી જ રહે છે. આવી જ વધુ એક ઘટના ગઈકાલે રાત્રે રાજકોટના ગોંડલ રોડ પર બનવા પામી છે જ્યાં વાહન અથડાવા જેવી નજીવી બાબતમાં લોખંડના પાઇપ અને બે શખ્સોએ હાથમાં છરી લઇ યુવક પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે જે ઘટનાનો વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થવા પામ્યો છે જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેરના રામનગરમાં આવેલા લોધેશ્વર સોસાયટીમાં રહેતા રવિ ભીખુભાઈ જરીયા (ઉ.વ.૩૦) નામનો યુવાન ગોંડલ રોડ ઉપરના પુલ પરથી વિજય પ્લોટ તરફ પોતાના સ્કુટરમાં જતો હતો ત્યારે પાછળથી અજાણ્યા શખ્સે સ્કુટરને ઠોકર મારતા યુવકે જોઈને ચલાવવાનું કહેતા શખસે તેના અન્ય સાથી મિત્રોને બોલાવી યુવક સાથે બોલાચાલી કરી લોખંડના પાઇપ અને લાકડી વડે માર મારી છરી વડે હુમલો કરતા જાહેર રોડ પર સન્નાટો વ્યાપી ગયો હતો. બનાવના પગલે લોકોના ટોળા ઉમટયા હતા અને હુમલાખોરો નાસી જતા ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

બનાવ અંગેનો વિડીયો સોશિયલ મિડીયામાં વાયરલ થવા પામ્યો છે જેમાં એક યુવાન ઉપર ત્રણ જેટલા શખ્સો માર મારતા દેખાય છે અને તેમાં લાંબા વાળ ધરાવતા શખ્સના હાથમાં છરી દેખાય છે જે તેને લાલ કલરના ટીશર્ટ પહેરેલ યુવાન પર ઉગામી હતી જયારે અન્ય એક મજબૂત બાંધાનો શખ્સ ભૂખરા કલરનો ટીશર્ટ પહેરેલ શખ્સ હાથમાં લોખંડનો પાઇપ અને છરી હાથમાં લઇ આવી લાલ ટીશર્ટ વાળા યુવાન પર પાઇપ વડે હુમલો કરે છે આ પછી ત્રણેય શખ્સો સ્પ્લેન્ડર અને એક્સેસ વાહન લઇ ત્યાંથી નાસી છૂટે છે જે વિડીયોના આધારે એ ડિવીઝન પોલીસ ટીમે હુમલાખોર ટોળકીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે રાજકોટમાં લુખ્ખા અને આવારા તત્વો આવી રીતે સરાજાહેર છરીઓ ઉગામી રહ્યા છે એનો મતલબ સ્પષ્ટ છે કે આ શખ્સો છરી જેવા હથિયારો પોતાની સાથે જ રાખે છે માટે શહેર પોલીસ દ્વારા ખાસ ડ્રાઇવ યોજી છરી જેવા હથિયાર રાખતા શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવી જરૂરી બની છે જેના પરથી મહદ અંશે સામાન્ય બાબતોમાં થતા છરી વડે હુમલાના બનાવમાં અંકુશ લાવી શકાય તેમ છે.

# ‘તેરા તુજ કો અર્પણ’ કાર્યક્રમ અંતર્ગત યુનિવર્સિટી પોલીસે રૂ.૪.૧૪ લાખના મોબાઇલ પરતઆપ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ખોવાયેલા કે ચોરાયેલા મોબાઇલ શોધી પોલીસ દ્વારા તેરા તુજ કો અર્પણ કાર્યક્રમ અંતર્ગત અરજદારોને મોબાઇલ કે રોકડ પરત આપવાની ઝુંબેશ રાજકોટ શહેરે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહી હોય ત્યારે ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇની સુચનાથી ગાંધીગ્રામ-૨ (યુની.) પોલીસ મથકના પીઆઇ એચ.એમ.પટેલ, એએસઆઇ સંજયભાઇ, કોન્સ. મોહિતભાઇ સહિતનો સ્ટાફે અરજદારોના મોબાઇલ ગુમ થયા હોય તે સીઇઆઇઆર પોર્ટલની મદદથી ટેકનીકલ એનાલીસીસ કરી ૧૮થી વધુ અરજદારોને રૂ.૪.૧૪ લાખના મોબાઇલ પરત આપ્યા હતા.

# વડોદરા શહેરમાં ૮૨૩૧ બોટલ વિદેશી દારૂ ભરેલ પીકઅપ વાહન ઝડપાયું

## સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી દરોડો પાડી રૂ.૫૧.૯૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, વડોદરા**

ગુજરાતમાં દારૂબંધીના બુમરારા પાડતા અધિકારીઓ-પદાધિકારીઓની આંખ ખુલે અને ગુજરાતમાં દારૂ બંધી હોવા છતાં કરોડોનો દારૂ ધુસાડવાનું ષડયંત્ર ચાલતું હોય જેનો સ્ટેટ મોનીટરીંગની સેલની ટીમે પર્દાફાશ કર્યો છે. વધુ એકવાર વડોદરા શહેરમાંથી રૂ.૪૪.૯૩ લાખનો ૮૨૩૧ બોટલ દારૂ ભરેલું માલવાહક પીકઅપ વાહન ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ એસએમસીના એસપી નિલદિપ્ત રાયની સુચનાથી ગુજરાતમાં દારૂબંધીની કડક અમલવારી કરવા અંગે આપેલી સુચનાના પગલે પીએસઆઇ આર.જી.વસાવા અને તેની ટીમ વડોદરા શહેરના કપુરાઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીના આધારે કપુરાઇ ક્રોસ રોડ પર એસ્ટેરીયા હાઈટ્સ બિલ્ડીંગ પાસે એક ઇન્ટ્રા પીકઅપ ગાડી નંબર જીજે૬બીવી૬૯૮૬ માં ડ્રાયવર શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેનો પીછો કરતા ડ્રાયવર પીકઅપ વાન રેઢુ મુકી નાસી ગયો હતો. પોલીસે તલાસી લેતા પીકઅપ વાનના ઠાઠામાં બંધ બોડીમાંથી ૮૨૩૧ બોટલ કિંમત રૂ.૪૪.૯૩ લાખનો જથ્થો મળી આવતા પોલીસે વાહન સહિત કુલ રૂ.૫૧.૯૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી દારૂ મંગાવનાર વડોદરાનો બુટલેગર, દારૂ મોકલાવનાર અજાણ્યો શખ્સ, પીકઅપ વાન જીજે૬બીવી૬૯૮૬નો ડ્રાયવર અને માલીક સહિત ૪ શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

# મીત્રતાના નાતે સાચવવા આપેલી રૂ.૫ લાખની કાર મીત્રએ બારોબાર વેચી દીધી

## શાંતિનગરના ગેઇટ પાસે સેન્ટરીંગના ડેલામાંથી ૮૦ લોખંડની પ્લેટોની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સાધુવાસવાણી રોડ પર અજંતા પાર્કમાં રહેતા મંથન મોહનભાઇ સોનાગ્રા નામના યુવાને ગાંધીગ્રામ-૨ (યુની.) પોલીસમાં રૈયા રોડ પર દ્વારકેસ સોસાયટી શેરી નં.૫માં રહેતો તેનો મીત્ર અંકિત ચંદ્રગીરી ગોસાઇ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ઇન્દીરા સર્કલ પાસે યુનિવર્સિટી રોડ પર મીચીસ રેસ્ટોરંટ પાસે પોતાની કાર નંબર જીજે૩૬એફ૪૫૧૨ કિંમત રૂ.૫ લાખની મીત્રતાના નાતે ૧૦-૧૫ દિવસ ચલાવવા માટે આપી હોય પરંતુ મીત્રએ કાર પરત નહીં કરી છેતરપીંડી કરી અન્યને બારોબાર વેચી દેતા ફરીયાદ નોંધાઇ છે. બનાવના પગલે એએસઆઇ હિનાબેન મણવરએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં મવડિ મેઇન રોડ પર સ્વામીનારાયણ પાર્કમાં રહેતા અને રૈયાધાર પાસે શાંતિનગરના ગેઇટ નજીક જલારામ ચોકની બાજુમાં જાનવી સેન્ટરીંગ નામે ગોડાઉન ચલાવતા વિશાલભાઇ કિશોરભાઇ લાડવાએ ગાંધીગ્રામ-૨ (યુની.) પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, કોઇ અજાણ્યા શખ્સોએ રાત્રીના ડેલામાં પ્રવેશ કરી ગોડાઉનમાં રાખેલા લોખંડની પ્લેટો ત્રાપા ૮૦ નંગ કિંમત રૂ.૧ લાખની ચોરી કરી નાસી જતા ફરીયાદ નોંધાઇ છે.

# ઓનલાઇન પાર્સલની ડિલિવરી મુદ્દે પાડોશીઓ વચ્ચે મારામારી

## જામનગર રોડ પર નાગેશ્વરમાં એપલ ગ્રીન એપાર્ટમેન્ટનો બનાવઃ ૧૨ લોકો સામે ગુનો નોંધાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં જામનગર રોડ પર નાગેશ્વરમાં એપલ ગ્રીન્સ એપાર્ટમેન્ટમાં રહેતા હિનેશ પ્રવિણભાઈ પંચોલીએ નોંધાવેલી ફરિયાદમાં પાર્સલ મંગાવ્યું હોય તે પાર્સલ ભૂલથી તેમના ફ્લેટને બદલે સામેના ફ્લેટમાં જતું રહ્યું હતું. આ પછી હિનેશના ઘરની બેલ વગાડી પત્નીને પાર્સલની ડિલિવરી પણ મળી ગઈ હતી.

જો કે આ મુદ્દે સામેના ફ્લેટમાં રહેતા ધવલ દોમડિયાના પત્ની રાજલે ફ્લેટના વૉટસએપ ગ્રુપમાં પાર્સલની ડિલિવરી બાબતે પત્ની સાથે બોલાચાલી કરતા મામલો બિચક્યો હતો. ત્યારબાદ હિનેશ અને ધવલ વચ્ચે મુલાકાત થઈ હતી. આ વેળાએ હિનેશ સાથે ભાવેશ વાણવી, ધર્મેશ દોશી સહિતના હાજર હતા.

આ વેળાએ ધવલ અને ભાવેશ વચ્ચે બોલાચાલી થતાં ભાવેશને કારમાં બેસાડી દીધો હતો. ત્યારે ધવલનો મિત્ર વિશાલ મજેઠિયા, ધવલનો સાળો કિશન પણ ત્યાં આવી ગયો હતો.

થોડીવાર બાદ ભાવેશ કાર લઈને નીકળી જતાં ચારથી પાંચ લોકો હુમલો કરવા માટે તેની પાછળ ગયા હતા. આ પછી ધવલ સહિતનાએ લાકડી લઈને માથાકૂટ કરવા લાગતાં તેમના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે સામે ધવલ દોમડિયાની પત્ની રાજલે હિનેશ પંચોલી, તેની પત્ની તૃપ્તિ પંચોલી, હિનેશના મિત્ર ધર્મેશ, આસિફ, મેઘરાજ, ભાવેશ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા કહ્યું હતું કે હિનેશ પંચોલીના પાર્સલ વારંવાર તેમના ઘેર આવતા હોય ભરબપોરે ડોરબેલ વાગવાથી ડિસ્ટર્બ થવાને કારણે આ મુદ્દાનો ઉકેલ આવવો જોઈએ.

આ બાબતે હિનેશ પંચોલી ઉશ્કેરાયો હતો અને તેણે ઘેર ઘસી જઈને ઝઘડો શરૂ કરતાં પાર્સલ તો આવશે જ’ તેવી ધમકી આપી માથાકૂટ શરૂ કરી હતી. આ ફરિયાદના આધારે પોલીસે છ લોકો સામે ગુનો નોંધ્યો હતો.

# નાળોદાનગરમાં પ્રેમમાં દગો મળતા પ્રેમીએ વીડિયો બનાવી કર્યો આપઘાત



## મારા માતા-પિતાનો ૨૪ વર્ષનો પ્રેમ તું એક વર્ષમાં લઇ ગઇ, તારી સાથે એક વર્ષ રહ્યો તે મારા માટે યાદગાર ક્ષણ, કોઇને પામી ન શક તેને પ્રોમિસ ન આપતી તેવા યુવકના શબ્દોએ ધ્રુજારી મચાવી દીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં હુડકો પોલીસ ચોકી પાછળ નાળોદાનગર માં ભગીચાની સામે રહેતા સંજય ભીખાભાઈ રાઠોડ નામનાં ૨૪ વર્ષનાં યુવાને પ્રેમ પ્રકરણમા દગો મળતા ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતી. આ પટના ભક્તિનગર મથકનાં કોન્સ તપાસ ચલાવી રહ્યા છે. યુવાને ૩ ભાઈમાં નાનો અને અપરણીત હતો. અને ડ્રાઈવીંગ કામ કરી પરીવારને મદદરૂપ થતો હતો. આપઘાતની ઘટનામા યુવાનનો તેમની પ્રેમીકાને સંભોધીને એક વીડીયો સૌશ્યલ મીડીયામા મુઠયો હતો જેમા તેમણે કહ્યું હતુ કે ઉર્મી લા તારા હોટા અને તારા વિડીયો મારા મોબાઈલમાથી ડીલીટ કરી નાખ્યા છે. અને મારી જીંદગીનો બેસ્ટ સમય એ છેલ્લો એક વર્ષનો રહહ્યો છે મને દુનિયાની કોઈ છોકરી રાખી ન શકે તેવી રીતે તે મને રાખ્યો હતો. એવુ નથી કે હું તારા વગર જીંદગી નહી જીવી શકુ. પણ હવે મને જીવવાનો મન નથી થાતુ. પ્રેમમા કેટલી બધી તાકાત હશે તુ વિચાર કર. મારા માતા પિતાનો ૨૪ વર્ષનો પ્રેમ એક વર્ષમા તુ લાઈ ગઈ હુંછ્વર્ષથી જેનાં પ્રેમમા પાગલ હતો તેને પણ હું તારા માટે ભુલી ગયો હતો. મારી ભુલ ચુક થઈ હોય તો મને માહ કરજે. હું એટલે નથી મરતો કે હું કાયર છું. તને પામી ન શક્યો તારી સાથે રહી ન શકયો, એ મારી તકલીહ છે. મે છેડો છેલે બધી રીતે જતુ કર્યું પરંતુ તારુ મન હવે ભરાઈ આવ્યુ હતુ. એટલે હવે હુંકાઈ કરી શકુ તેમ નથી. અને તુ આવી શકીશ પણ નહી. નું કોઈને પામી ન શક તેમને પ્રોમીશ ન આપતી. અત્યારે મારી હાલત એવી થઈ ગઈ છે કે તારો ભાઈ કે તારા પુત્ર પર આવશે ત્યારે તને મારી પરિસ્થીતી સમજાશે. તને કોઈ હેસન ન કરે માટે આ વીડીયો બનાવું છું તેમજ તને બધા સ્ક્રીનશોટ મોકલી દીધા છે તને કંઈ તકલીફ પડે ત્યા આ સ્કીનશોટ રજુ કરી દેજે. તારા વગર મારી જીંદગી કાઢી શકુ તેમ નથી. એટલે હું હવે આ કુનીયા છોડીને જાવ છું. આ સમગ્ર વીડીયો ભક્તિનગર પોલીસ મથકનાં તપાસ અધીકારી હેડ કોન્સ પ્રશાંતસિંહ પાસે આવતા તેમણે પરીવારજનોનાં તેમજ મૃતકનાં પ્રેમીકાનું નીવેદન લેવા તજવીજ શરૂ કરી છે.

# રાજકોટમાં રખડતા શ્વાન રોજ ૪૭ લોકોને બચકાં ભરે છે

## આઠ મહિનામાં ૧૧૨૯૨ને કરડી લીધાઃ ખસીકરણ પાછળ કરોડોનું આંધણ છતા વસતીવધારો યથાવત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનો એક પણ એવો વિસ્તાર નહીં હોય કે જ્યાં સવાર-બપોર-સાંજ કૂતરાઓનો મુકામ રહેતો ન હોય. ખાસ કરીને રાત્રે ૧૨ વાગ્યા બાદ જે કોઈ વિસ્તારમાંથી પસાર થવામાં આવે અને કૂતરાઓનું બેઠેલું ઝુંડ પાછળ ન પડે તો જ નવાઈ પામવા જેવું રહે છે. મહાપાલિકા દ્વારા શ્વાસ ખસીકરણ પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવી રહ્યું હોવા છતાં વસતીવધારો યથાવત રહેતા આઠ મહિનાની અંદર દરરોજ ૪૭ લોકોને બચકાં ભર્યા હોવાના આંકડા તંત્ર પાસેથી જ પ્રાપ્ત થવા પામ્યા હતા.

આ અંગે વધુમાં જાણવા મળ્યા પ્રમાણે ૧ જાન્યુઆરીથી ૩૧ ઓગસ્ટ સુધીમાં શહેરમાં કુલ ૧૧૨૯૨ લોકોને કૂતરા કરડી ગયા છે. મહિનાવાઈઝ વાત કરવામાં આવે તો જાન્યુઆરીમાં ૧૬૪૪, ફેબ્રુઆરીમાં ૧૩૬૩, માર્ચમાં ૧૩૭૭, એપ્રિલમાં ૧૩૮૬, મેમાં ૧૩૮૭, જૂનમાં ૧૩૦૨, જૂલાઈમાં ૧૪૭૫ અને ઓગસ્ટમાં ૧૩૫૮ લોકોને શ્વાને હડફેટે લેતા તેમને ઈન્જેક્શન આપવા પડ્યા હતા.

બીજી બાજુ નિયમ પ્રમાણે મહાપાલિકા કોઈ શ્વાનને પકડીને શહેર બહાર છોડી શકતી ન હોવાને કારણે તંત્રના હાથ પણ બંધાયેલા છે. તાજેતરમાં જ કૂતરાને કંટ્રોલ કરવા માટે કરોડો રૂપિયાનું ટેન્ડણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું આમ છતાં કૂતરાની રંજાડ ઓછી થવાનું નામ લઈ રહી નથી.

# રાજકોટ શહેર અને ગ્રામ્યમાં ચોરીને અંજામ આપનાર જૂનાગઢનો તસ્કર પાસામાં ધકેલાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં શરીર સંબંધી અને મીલ્કત સંબંધી ગુન્હા આચરતા તસ્કરો સામે પોલીસે પાસાનું શસ્ત્ર ઉગામ્યું છે. રાજકોટ શહેર અને ગ્રામ્યમાં અનેક સ્થળોએ ચોરી કરનાર જૂનાગઢના રીઢા ચોરને પાસામાં અમદાવાદ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇની સૂચનાથી પીએસઆઇ આર.એચ.ઝાલા સહિતના સ્ટાફે ઇ-ગુજકોક પ્રોજેકટમાં આરોપીઓનો ગુન્હાહીત ઈતિહાસ ચેક કરી અવારનવાર ચોરીના ગુન્હાઓ આચરતા પકડાયેલા તસ્કરો સામે પાસાની કાર્યવાહી હાથ ધરી હોય ત્યારે જૂનાગઢના મુબારક બાગ કાળવા ચોક, મહાસાગર ટ્રાવેલ્સની ઓફિસ સામે ચેતન કમલ સોલંકી નામનો તસ્કર અગાઉ રાજકોટ શહેર અને ગ્રામ્યમાં અનેક સ્થળોએ ઘરફોડ ચોરીના ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો હોય પોલીસે તેને અટકાયતમાં લઇ પાસાના વોરંટની બજવણી કરી અમદાવાદ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

# હાથીખાનામાં મંદિરનું દબાણ દૂર કરવાની નૉટિસથી ભાવિકોમાં રોષ

## ત્રણેય ઝૉનમાં ૧૮૬૫ જેટલા ધાર્મિક દબાણોની યાદી તૈયાર : સેન્ટ્રલ ઝૉનમાં ૬૦ જેટલા ધાર્મિક દબાણને નૉટિસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાથીખાનામાં ૫૦થી ૬૦ વર્ષ જુનુ બાલમુકુંદ હનુમાન મંદિરની દેરી આવેલી છે. શુક્રવારે મહાપાલિકાની ટીપી શાખા દ્વારા આ દેરી બહાર નોટીસ ચોંટાડતા વિસ્તારના રહેવાસીઓ એકઠા થઈ ગયા હતાં. અને આ મુદ્દે મહાપાલિકામાં રજૂઆત કરવામાં આવશે. તેમ જણાવ્યું હતું. સેન્ટ્રલ ઝોન ઉપરાંત ઈસ્ટ અને વેસ્ટ ઝોનમાં પણ નોટીસ આપવાની કાર્યવાહી ચાલી રહી છે. છેલ્લે કરાયેલા સર્વે મુજબ રાજકોટના ત્રણે ઝોનમાં ૧૮૬૫ જેટલા ધાર્મિક સ્થળોનું લીસ્ટ બનાવવામાં આવ્યું છે. દેરી, મંદિર, દરગાહ સહિતના ધર્મસ્થળોને સમાવેશ થાય છે. તબક્કાવાર તમામ બાંધકામોને નોટીસ અપાઈ રહી છે અને ચાલી રહેલી કાર્યવાહીનો રિપોર્ટ સમયાંતરે રાજય સરકારને મોકલવામાં આવી રહ્યો છે.

માત્ર સેન્ટ્રલ ઝોનમાં છેલ્લા થોડા સમયમાં ૬૦ જેટલા આવા ધાર્મિક સ્થળને નોટીસ આપવામાં આવ્યાનું જાણવા મળ્યું છે. કોર્પો. દ્વારા અપાતી નોટીસમાં એવું જણાવવામાં આવે છે કે જીપીએમસીની કલમ હેઠળ રજાચિઠ્ઠી મેળવ્યા વગર કે મંજૂરી વિરૂધ્ધ બાંધકામ કરવામાં આવે છે. આથી તે દુર કરીને સાત દિવસમાં જવાબ આપવાનો રહેશે. નહીં તો કલમ ૨૬૦-૨ મુજબ પગલા ભરવામાં આવશે. કોર્પો.એ આવા ધાર્મિક બાંધકામો તોડવામાં કોઈ ઉતાવળ કરી નથી. પરંતુ કોર્ટ અને સરકારની સૂચનાથી નોટીસ આપવાની પ્રક્રિયા ચાલુ રાખ્યાનું ટીપી વિભાગના વર્તુળોએ કહ્યું હતું. હાથીખાના વિસ્તારમાં હનુમાનજીની દેરીને નોટીસ આપવામાં આવતા લત્તાવાસીઓએ એકત્ર થઈને વિરોધ કર્યો હતો.

# રાજકોટ રેલવે પોલીસે ૨૦ લોકોને ખોવાયેલા મોબાઇલ ફોન શોધી આપ્યા



## ’તેરા તુજકો અર્પણ’ હેઠળ તમામનો સંપર્ક કરી ૩.૭૨ લાખના મોબાઇલ પરત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રેલવે પોલીસ દ્વારા રેલવે પોલીસ મથક એરિયામાં ટ્રેનોમાં કે અન્ય રીતે ખોવાયેલા ૨૦ વ્યક્તિઓના મોબાઈલ ફોન શોધી કાઢીને ૩.૭૨ લાખના મોબાઈલ ફોન સરકારના પ્રોજેક્ટ ’તેરા તુજકો અર્પણ’ હેઠળ પરત કર્યા હતા. છેલ્લા બે માસ દરમિયાન રાજકોટ રેલવે હુદમાં, ટ્રેનોમાં મુસાફરી વખતે મુસાફરો ફોન ભૂલી ગયા હોય, ગૂમ થયા કે ખોવાઈ ગયા હોય તેવી અલગ-અલગ ફરિયાદો મળી હતી. રાજકોટ રેલવે પોલીસની ટીમ દ્વારા સીઈઆઈઆર પોર્ટલ હેઠળ જે ફોન ગૂમ થયા હતા તેને સર્વેલન્સમાં મુકાયા હતા. આવા ફોન જ્યાં પહોંચ્યા કે લઈ ગયા ત્યાંથી પોલીસ દ્વારા રિકવર કરાયા હતા. ઈન્ચાર્જ ડીવાયએસપી એમ.એચ. રાણાના વડપણ હેઠળ તેરા તુજકો અર્પણ’ કાર્યક્રમ યોજાયો હતો. તમામ અરજદારોને બોલાવીને તેમના ફોન પરત કરવામાં આવ્યા હતા. મોબાઈલ ફોન શોધવાની કામગીરીમાં ટેકનીકલ સેલના એએસઆઈ પ્રવીણભાઈ ઉપરાંત વાલજીભાઈ, હેડ કોન્સ્ટેબલ મધુરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફે જહેમત ઉઠાવી હતી અને બે માસમાં ૩,૭૨,૦૩૪ની કિંમતના ૨૦ ફોન શોધીને પરત કર્યા હતા.

# ન્યારાગામે ગોડાઉન માટે ફાળવેલી જમીન ખાલસા કરવા કલેકટરનો હુકમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી તાલુકાના ન્યારા ગામની સર્વે નંબર ૨૨૪માં વર્ષ ૧૯૭૩માં જમીન મેળવનાર આસામીએ વર્ષ ૨૦૦૧માં અહીં વાણિજ્ય હેતુ માટે ગોડાઉન બનાવવા જમીનની માંગણી કરતા જિલ્લા કલેકટર દ્વારા નવીશરતની ૧૨ હેક્ટરથી વધુ જમીન વેચાણ આપી હતી. જો કે, વાણિજ્ય હેતુ માટે ગોડાઉન બનાવવા જમીન માંગનાર આસામી દ્વારા ૨૦ વર્ષ સુધી અહીં બાંધકામ કરવામાં ન આવતા રાજકોટ ગ્રામ્ય પ્રાંત અધિકારી દ્વારા જમીન સરકાર હસ્તક લેવા હુકમ કર્યો હતો જેની સામે જિલ્લા કલેકટર સમક્ષ અપીલ કરવામાં આવતા જિલ્લા કલેકટરે પણ પ્રાંત અધિકારી રાજકોટના હુકમને કાયમ રાખી જમીન ખાલસા કરી સરકાર હસ્તક લેવા હુકમ કર્યો હતો.

આ કેસની વિગત જોઈએ તો રાજકોટના આશાપુરા રોડ ઉપર રહેતા ઇન્ડિયા મેટલ સપ્લાઈંગના પ્રોપ્રાઈટર આઈ.એમ.શાહને વર્ષ ૧૯૭૩માં ક્વોરીલીઝ માટે જમીન ફાળવવામાં આવતા રાજકોટ-જામનગર હાઈવે ઉપર ન્યારા ગામના પાટિયા નજીક ભરડિયો શરૂ થયો હતો.

બાદમાં આ જ આસામી દ્વારા વર્ષ ૨૦૦૧માં ન્યારા ગામની સર્વે નંબર ૨૨૪ની જમીન વાણિજ્ય ગોડાઉન બનાવવા માટે વેચાણથી માંગતા જિલ્લા કલેકટર દ્વારા નવી શરતની ૧૨ હેક્ટર જમીન રૂપિયા ૫૦,૯૯,૦૫૨ રૂપિયામાં કબ્જા કિંમત વસૂલી ફાળવી હતી. જો કે, ગોડાઉનના હેતુ માટે જમીન ફાળવણી બાદ ૨૦ વર્ષ સુધી જમીન ઉપર ગોડાઉનનુ બાંધકામ ન કરતા રાજકોટ ગ્રામ્ય પ્રાંત અધિકારી દ્વારા શરતભંગ કેસ દાખલ કરી કેસ ચલાવી વર્ષ ૨૦૨૨માં જમીન સરકાર હસ્તક લેવા હુકમ કર્યો હતો. રાજકોટ ગ્રામ્ય પ્રાંત અધિકારીના આ હુકમ સામે ઇન્ડિયા મેટલ સપ્લાઈંગના પ્રોપ્રાઈટર આઈ.એમ.શાહ દ્વારા જિલ્લા કલેકટર સમક્ષ અપીલ કરવામાં આવતા જિલ્લા કલેકટરે કેસ ચાલવતા અરજદાર દ્વારા તેમની જમીન રૂડાના રિઝર્વેશન આવી ગયું હોય રૂડાની બાંધકામ મંજૂરી ન મળી શકવાથી બાંધકામ થઈ શક્યું ન હોવાની દલીલ કરવાની સાથે નામદાર કોર્ટના ચુકાદાઓ પણ રજૂ કર્યા હતા. જો કે, જિલ્લા કલેકટર દ્વારા અરજદાર દ્વારા જમીન જે હેતુ માટે ફાળવેલ છે તે હેતુ માટે ઉપયોગ થઈ શકે તેમ ન હોવાની ક્યારેય રજુઆત ન કરી હોવાનું નોંધી અરજદારની દલીલ ગ્રાહ્ય રાખી ન હતી. સાથે જ આ જમીન ઉપર જમીન મહેસુલ અને શિક્ષણ ઉપકરની ૮.૧૧ લાખથી વધુ રકમ બાકી હોવાના તલાટીના રિપોર્ટ સહિતના કારણો ધ્યાને લઈ ગ્રામ્ય પ્રાંત અધિકારીનો જમીન ખાલસા કરવાનો હુકમ યથાવત રાખવા હુકમ કર્યો હતો.